# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


છૂટક મૂલ્ય રૂા.૫/-    વાર્ષિક લવાજમ રૂા.૪૦/-

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

બરાબર એક મહિનો રાહ જોવડાવી છેવટે મેઘરાજા પધાર્યા. થોડીક હાશ થઈ. હજી જરૂરિયાતના અડધા મુકામે પહોંચ્યા નથી, પણ વાંધો નહીં આવે. અમારે મુંબઈમાં જ્યાં સુધી 'રેઈની બંધ' ન થાય, ટ્રેનો અટકી ન જાય, ટ્રાફિક જામ ન થઈ જાય અને ફરજિયાત રજા રાખી ઘરે બેસવું ન પડે ત્યાં સુધી વરસાદ આવ્યો હોય તેમ લાગતું જ નથી. અન્ય સ્થળોએ પણ મેઘરાજાએ મહેર કરી છે. ચાલો હાલ પૂરતું તો સંકટ ટળ્યું.

૨૬મી જૂને એક યાદગાર કાર્યક્રમ સેન્ટ્રલ બોર્ડ તરફથી થઈ ગયો. વર્લી ખાતે જે. કે. બૅન્કવેટ હૉલમાં મુંબઈનાં દરેક સેન્ટરના ઑફિસ બેરર સાથે પ્રતિષ્ઠિત આગેવાન શ્રેષ્ઠીઓ પધાર્યા. જેજેસીના હાયર એજ્યુકેશન અભિયાન વિશે લગભગ દરેક આગેવાનો જાણતા થઈ ગયા છે. તે છતાં વિસ્તૃતથી તેમને આપણા કાર્ય વિશે, લક્ષ્ય વિશે માહિતી આપવા આપણે એક જાજરમાન ઈવેન્ટ રાખ્યો.

ટ્રસ્ટીઓ પધાર્યા. સાથેસાથે પ. પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. જાતે જ આપણા પ્રોજેક્ટને આશીર્વાદ આપવા પધાર્યા. બ્રહ્માકુમારી યોગિનીબહેન પણ પધાર્યાં. આપણામાં ઉત્સાહ પ્રસરી ગયો. તેઓએ બધા પ્રકારનો સહયોગ આપવા વચન આપ્યું, જે આપણી મોટી સિદ્ધિ લેખાય. પૂ. ગુરુદેવ નમ્રમુનિ મહારાજસાહેબે તો આપણું આ વર્ષનું લક્ષ્ય ૬ કરોડથી વધારી ૧૧ કરોડ ઉપર મૂક્યું. બસ હવે આપણી આગેકૂચ રોકાશે નહીં.

જુલાઈ ૧-૨-૩ની કેટલાય સમયથી બધા જ રાહ જોતા હતા, કારણકે એ દિવસો દરમિયાન આપણો પારિવારિક મેળાવડો દમણ ખાતે મીરાસોલ નક્કી થઈ ગયેલ. આ વખતે ધાર્યા કરતાં વધારે પ્રતિસાદ મળ્યો. મુંબઈ, ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ વગેરે દરેક જગ્યાએથી ડેલિગેટસ આવ્યા. છેલ્લે જગ્યાના અભાવે અમારે ના પાડવી પડી તે બદલ અમને પણ અફસોસ થાય છે. દરેક જણા ઉત્સાહ સાથે આવેલા અને કાંઈક મેળવીને ગયા.

સંપૂર્ણ કાર્યક્રમનો અહેવાલ અન્યત્ર અપાયો છે, પણ મારે એટલું જ કહેવાનું કે આ કૉન્ફરન્સની ફળશ્રુતિ સુંદર રહી. દરેક પદાધિકારીઓ Active થઈ ગયા છે અને તેનાં સારાં પરિણામો આવી રહ્યાં છે. મુંબઈનાં દરેક સેન્ટરમાં અમે અપીલ લઈને જઈએ છીએ અને એજ્યુકેશન ફંડમાં અપેક્ષાથી અધિક ફંડ આવી રહ્યું છે. દરેક સેંટરમાંથી સારા સમાચાર આવી રહ્યા છે.

આમ તો આ કૉલમ મેં પાંચ દિવસ પહેલાં લખીને તૈયાર

રાખેલી, જેમાં ઘણીબધી સૂફિયાણી વાતો લખેલી, પણ આજે સાંજે એવું બન્યું કે મન ખિન્ન થઈ ગયું. હું ડિપ્રેશનમાં અને તેમાંથી ગુસ્સામાં આવી ગયો અને મેં એ લખાણને સાઈડમાં મૂકી દીધું.

આજે સમાચાર મળ્યા, એક ઔર સિરિયલ બૉમ્બબ્લાસ્ટ! ઝવેરી બજાર, ઑપેરા હાઉસ અને દાદર ખાતે ૧૧ મિનિટની અંદર બૉમ્બબ્લાસ્ટ. ક્યાં સુધી સહન કરવાનું છે આપણે? જે માર્યા ગયા તેઓ સાવ જ નિર્દોષ હતા. તેમનાં કુટુંબોના આધારસ્તંભ હતા. તેમનાં પરિવારનું-બાળકોનું શું થશે? બધા બળાપો કાઢીને એક-બે દિવસમાં શાંત થઈ જશે. ગેંડા ચામડીના આપણા રાજકારણીઓએ તો તે રાત્રીએ પણ જલસા કર્યા હશે. મડદા ઉપર બેસીને જયાફત ઉડાવી શકે તેવા આ માણસોથી આપણને કોણ બચાવે? તેમનાં કાળાં કૃત્યોને પરિણામે તેમના પર હુમલા ન થાય તેમ માટે તેમને બચાવવા સિક્યુરિટીના પૈસા પણ આપણે જ ભોગવવા પડે છે.

મૂળભૂત રીતે આપણી ન્યાયપદ્ધતિ જ ચેક કરવાની જરૂર છે. અંગ્રેજો ગયા ત્યારે ન્યાયપદ્ધતિ તેઓ વારસામાં આપતા ગયા છે. પછી તો આપણે કાયદાઓનાં એવાં જાળાં બનાવ્યાં છે કે અણીશુદ્ધ ન્યાય તેમાંથી પસાર જ થઈ ન શકે. સો ગુનેગાર ભલે છૂટી જાય, પણ એક નિર્દોષ મરવો ન જોઈએ તેવો સિદ્ધાંત ભલે સોનેરી હોય, પણ આપણા દેશમાંથી બચી ગયેલા સો ગુનેગારોમાંથી હજારો નહીં, પણ લાખો ગુનેગારો પેદા થઈ ગયા છે.

કાયદાએ ભલે નિર્દોષને બચાવી લીધા, પણ આ લાખો ગુનેગારો દેશને ફોલી ખાય છે. તેને કોણ બચાવશે? આપણે તો એવું હોવું જોઈએ કે એક નિર્દોષનો ભલે ભોગ લેવાય, પણ એક પણ ગુનેગાર છટકી જવો ન જોઈએ. આપણી પોકળ પદ્ધતિના પ્રતાપે હજી ૧૯૯૩ના બૉંબબ્લાસ્ટના ગુનેગારને આજે ૧૮ વર્ષ પછી પણ સજા નથી મળી!! ત્યાર પછી કેટલાય બૉમ્બબ્લાસ્ટ થયા. આતંકવાદીઓ મજા કરવા ખાતર પણ બૉમ્બ બોડી બામણીના ખેતરમાં મૂકી રમખાણ મચાવે છે, કારણ તેમને ખબર છે કે ભારતમાં તેમનો વાળ પણ વાંકો થવાનો નથી.

આપણે ત્યાં કાયદાઓ મજબૂત છે, પણ તેનું પાલન શંકાસ્પદ છે. ગુનો થયા બાદ વકીલો મેદાનમાં આવી જાય છે, તેમની જાહોજલાલી બનાવે છે. ન્યાય તોળાતો નથી પણ ન્યાય...? ગુનો થયા બાદ વકીલો મેદાનમાં આવે છે અને જીત એની થાય છે, જે વધારે બુદ્ધિશાળી છે, સારી દલીલ કરી શકે છે. ભોગ બનનાર વ્યક્તિ અને આરોપી એક બાજુ રહી જાય છે અને વકીલો લડે છે. ન્યાયાધીશો તમાશો જુએ છે અને ન્યાયની દેવીને પોતાને જ અન્યાય થઈ જાય છે. ન્યાયની પૂરી પ્રથાને જ સમૂળગી બદલાવવાની જરૂર ઊભી થઈ છે.

ગુજરાતના વિદ્યાર્થીઓને મુંબઈ બોલાવી ખર્ચના ખાડામાં ઉતારવાને બદલે અમે જ અમદાવાદ જઈને ઈન્ટરવ્યૂ અને લોન ડિસ્બર્સમેન્ટનું કામ કરીએ છીએ. આ વર્ષે પણ રવિવાર, તા. ૧૪ ઑગસ્ટના રોજ અમે અમદાવાદ આવી રહ્યા છીએ. આમ તો દરેક વિદ્યાર્થીઓને અમે લેટર મારફત તથા SMS મારફત જણાવીએ જ છીએ, છતાં તમારા ધ્યાનમાં કોઈ વિદ્યાર્થી હોય તો તેને જણાવશો. જેથી કોઈ વિદ્યાર્થી લોન મેળવવાથી વંચિત ન રહી જાય.

તા. ૩૧-૭-૨૦૧૧ના રોજ રાજકોટ ખાતે તથા તા. ૨૪-૭-૨૦૧૧ના રોજ વડોદરા ખાતે નવાં સેંટરનો ઉદ્‌ભવ થઈ રહ્યો છે. આપણે તેમને આવકારીએ.

બૉંબબ્લાસ્ટથી હું એટલો બધો વ્યથિત થઈ ગયો છું કે તેનું રિફ્લેક્શન મારી આ કૉલમમાં સ્પષ્ટપણે દેખાઈ આવે છે. વાંચીને તમે પણ કહેશો કે, 'આ વખતે જીતુભાઈ બરાબર ખીલ્યા નથી.'

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

## VISIT WEBSITE

જૈન જાગૃતિ સેન્ટરોની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની માહિતી જાણવા જેજેસીની વેબસાઈટની મુલાકાત લ્યો. જાગૃતિ સંદેશ, વિવિધ સેન્ટરોના પરિપત્ર તથા અન્ય માહિતી આ વેબસાઈટ પર ઉપલબ્ધ હોય છે.

**ગરીબમાં ગરીબ પણ કરી શકે**
**એવું મહાદાન એટલે ચક્ષુદાન**



# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| ● બીચ સાઈડ | : ૧૩-૦૬-૧૧ | નાટક : 'સુખને સેવ કરો, દુઃખને ડિલીટ કરો' | ✉ |
| | ૨૯-૦૬-૧૧ | નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| ● ભાવનગર | : ૨૫-૦૬-૧૧ | નાટક : 'એક અહમ્‌ની રાણી' | ✉ |
| ● ભાંડુપ-વિક્રોલી | : ૦૧-૦૭-૧૧ | નાટક : 'મિસિસને માથે બેસાડીને રાખો' | ✉ |
| ● બોરીવલી | : ૨૧-૦૬-૧૧ | મ્યુઝિકલ શો : 'Once up on a time in Mumbai City' | ✉ |
| ● ચેંબુર | : ૧૩-૦૬-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ★ |
| ● ચેન્નઈ | : ૨૫-૦૬-૧૧ | નાટક : 'હસતાં રમતાં જીવી લઈએ' | ✉ |
| ● દાદર | : ૧૩-૦૬-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| | ૨૭-૦૬-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| ● દહિસર | : ૦૫-૦૬-૧૧ | મૂવી : 'Reddy' | ✉ |
| ● ડાઉન ટાઉન | : ૧૯-૦૬-૧૧ | નાટક : 'ચાણક્ય' | ✉ |
| | ૨૬-૦૬-૧૧ | મૂવી : 'Double Dhamal' | ✉ |
| ● જેમ્ જગડુશા | : ૨૪-૦૬-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| ● ગોલ્ડન ગારોડિયા | : ૨૨-૦૬-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ★ |
| | ૧૬-૦૬-૧૧ | મૂવી : 'Reddy' | ✉ |
| ● જુહુ | : ૦૭-૦૬-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ★ |
| | ૧૧-૦૬-૧૧ | મૂવી : 'Reddy' | ✉ |
| | ૨૨-૦૬-૧૧ | નાટક : 'મોટા મનના મોટા માણસો' | ✉ |
| | ૨૪-૦૬-૧૧ | મૂવી : 'Double Dhamal' | ▲ |
| ● જુહુ બીચ | : ૧૦-૦૬-૧૧ | નાટક : 'સુખને સેવ કરો, દુઃખને ડિલીટ કરો' | ✉ |
| ● કાંદિવલી | : ૨૦-૦૬-૧૧ | ડાયરો : 'કસુંબલ ડાયરો' | ★ |
| | ૨૭-૦૬-૧૧ | નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| ● મલાડ | : ૨૦-૦૬-૧૧ | નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| ● મુલુંડ | : ૨૯-૦૬-૧૧ | નાટક : 'મિસિસને માથે બેસાડીને રાખો' | ✉ |
| ● મુંબઈ | : ૨૯-૦૬-૧૧ | નાટક : 'મા પાવરફૂલ પા વન્ડરફૂલ' | ✉ |
| ● નવી મુંબઈ | : ૨૦-૦૬-૧૧ | નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| ● નોર્થ ઈસ્ટ | : ૨૩-૦૬-૧૧ | મૅજિક શો : 'K. Lalની માયાજાળ' | ✉ |
| ● પનવેલ | : ૨૩-૦૬-૧૧ | નાટક : 'અમરેલીથી અમેરિકા' | ✉ |

- રાજાવાડી : ૦૩-૦૬-૧૧ મ્યુઝિકલ : 'Once up on a time in Mumbai City' ★
  ૨૬-૦૬-૧૧ મૅજિક શો : 'K. Lalની માયાજાળ' ✉
- સી-સાઇડ : ૧૧-૦૬-૧૧ નાટક : 'સુખને સેવ કરો, દુઃખને ડિલીટ કરો' ✉
  ૧૬-૦૬-૧૧ નાટક : '૧૦૨ નોટ આઉટ' ✉
- સાયન-માટુંગા : ૧૬-૦૬-૧૧ મૂવી : 'Reddy' ✉
- શિવાજી પાર્ક : ૧૭-૦૬-૧૧ મૅજિક શો : 'K. Lalની માયાજાળ' ✉
  ? નાટક : 'મિસિસને માથે બેસાડીને રાખો' ✉
- તારદેવ : ૧૧-૦૬-૧૧ નાટક : 'સંસારની સેમિફાઈનલ' ✉
  ૧૨-૦૬-૧૧ મૂવી : 'Reddy' ✉
- વિલે પાર્લે : ૦૫-૦૬-૧૧ નાટક : 'આપણાં એ આપણાં' ✉

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## પ્રવાસ સંપન્ન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | દિનાંક | |
|---|---|---|---|
| ★ જામનગર | કચ્છ ભદ્રેશ્વર બોંતેર જિનાલય | તા. ૦૩-૦૬-૨૦૧૧ થી ૦૬-૦૬-૨૦૧૧ | ધર્મયાત્રા |
| ★ જૂનાગઢ | વનરાજ વૉટર પાર્ક | તા. ૧૨-૦૬-૨૦૧૧ | એકદિવસિય પિકનિક |
| ★ દાદર | સૂરજ વૉટર પાર્ક | તા. ૧૧-૦૭-૨૦૧૧ | એકદિવસીય પિકનિક |

## Wellness Camp

### જેજેસી - ચેન્નઈ

સેન્ટરના સભ્યો અને તેમના વડીલોના લાભાર્થે ડૉ. રશ્મિન ગાંધી દ્વારા (A Senior Eye Surgeon) દ્વારા Prevention of Eye diseases and general Eye care પર વાર્તાલાપનું આયોજન થયું.

### જેજેસી - જુહુ

સરળતા, સાત્ત્વિકતા અને સમતા – જીવનની આ અણમોલ સમૃદ્ધિને ગિરવે મૂકી ભૌતિક સમૃદ્ધિ પાછળ દોડતા આપણે સૌ શરીર જાણે મશીન હોય તેમ તીવ્ર ગતિમાં રહન-ચયન-શયનને આટોપીએ છીએ. જ્યાં આપણા માટે આપણી પાસે સમય નથી તો પરિવારજનોના સ્વાસ્થ્યની સંભાળ રાખવા આપણી પાસે ક્યાંથી સમય હોય?

પણ જેજેસી હૈ ના! જેજેસી-જુહુ દ્વારા તેના સભ્યો અને તેમના પરિવારજનો માટે સોમવાર, તા. ૨૦-૬-૨૦૧૧થી ગુરુવાર, તા. ૩૦-૬-૨૦૧૧ દરમિયાન Health Check up કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં જરૂરી ૪૫ પ્રકારના ટેસ્ટ કન્શેસનલ ચાર્જિસમાં કરવામાં આવ્યા.

### જેજેસી - કલાનગરી વડોદરા

શનિવાર, તા. ૧૮-૬-૨૦૧૧ના રોજ સેન્ટર દ્વારા આયોજિત બહેનો માટેની એક કિટી પાર્ટીમાં સૌને તંદુરસ્તીની નવી પદ્ધતિમાં રોગની સારવાર કેવી રીતે કરવી તેનું સુંદર માર્ગદર્શન ડૉ. રૂપા મહેતા દ્વારા આપવામાં આવ્યું. તેઓએ ઍક્ટિવેટર મેથડ દ્વારા ઉપચાર કરવાની પદ્ધતિ વિશે યોગ્ય રીતે સમજી શકાય તેવી રજૂઆતથી માર્ગદર્શન આપ્યું. આ પદ્ધતિ દ્વારા Spinal-Care બાબતે અને તેના દ્વારા તમામ અંગોના દુખાવા, સાંધાના દુખાવા, માઇગ્રેન, હિલ પેઈન, ની પેઈન એ તમામ પ્રકારના દુખાવાની સારવાર કોઈ પણ જાતની દવાની આડઅસર વિના થાય છે. તેઓ સ્પેશિયાલિસ્ટ ઍક્ટિવેટર તરીકે ભાઈદાસ અમીન જનરલ હૉસ્પિટલમાં સેવા આપે છે. (મો.: ૦૯૮૨૪૨૫૭૩૪૭)

# જેજેસીની આજકાલ

## જેજેસી - મોરબી

રવિવાર, તા. ૧૨-૬-૨૦૧૧ના રોજ સેન્ટરના સભ્યો સાગમટે મોરબીથી થોડે દૂર આવેલ રમણીય-પવિત્ર જગ્યા રોકડિયા હનુમાન ધામ પિકનિક અર્થે ગયા. ધામની ગૌશાળાની ગાયોને ૧૬૦૦ કિલો ઘાસ સભ્યોએ સ્વહસ્તે નીરી જીવદયાના કાર્ય થકી આનંદ માણ્યો. સાથેસાથે રસપૂરીનું સમૂહ જમણ માણ્યું, જ્ઞાન-ગમ્મતની રમતો માણી અને આનંદ-ઉલ્લાસ મનાવતા પરત થયા.

*રિપોર્ટ : દિનેશ દોશી*

## જેજેસી - ભુજ



ઘણા સમય બાદ 'જાગૃતિ સંદેશ'માં આગમન! ધોરણ ૧થી કૉલેજ સુધીનાં બાળકોમાંથી ૧થી ૩ સુધીના નંબર મેળવનાર વિદ્યાર્થીઓનું મેમેન્ટો આપીને શ્રી નરેન્દ્ર મહેતા, શ્રી તુષાર શેઠ તથા શ્રી અશોક સંઘવીના સૌજન્યથી સરસ્વતી સન્માન કરવામાં આવ્યું. હર્ષ સાથે જણાવવાનું કે કચ્છમાંથી ધોરણ ૧૨મા એ-વન આવેલાં પાંચ બાળકોમાંથી ત્રણ બાળકો જેજસી પરિવારના છે. પ્રથમ આવનાર બિંદી મહેતાનું સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ સપ્લિમેન્ટરી કાર્યક્રમમાં શ્રી બાવસેએ દોઢ કલાક મગજને કસરત કરાવતી Speedy ક્વીઝની રમત રમાડી બધાને આનંદિત કરી મૂક્યા.

આ પ્રસંગે કચ્છ પંથકના જેજેસી કૉ-ઑર્ડિનેટર શ્રી કીર્તિ ઝોટાએ બધાને આવકાર્યા હતા. કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી પંકજ મહેતાએ ઉપસ્થિત રહી આવતા વર્ષનો સરસ્વતી સન્માનનો કાર્યક્રમ પરિવાર તરફથી કરવાની જાહેરાત કરી.

*રિપોર્ટ : નરેન્દ્ર શાહ*

## જેજેસી - ભાવનગર

ગુજરાતી સાહિત્યમાં રસ ધરાવનાર કોઈ પણ વાચક સુજ્ઞ શ્રી જય વસાવડાથી અપરિચિત નહીં જ હોય, કારણ તેઓ લગભગ ૧૨ ગુજરાતી અખબાર અને મૅગેઝિનના નિયમિત કટારલેખક તથા ૬ પુસ્તકના લેખક છે. યુવા દંપતી તથા યુવાનો અને યુવતીઓ તેમનાં લખાણના ચાહક છે.

શ્રી કાંતિ ભટ્ટની જેમ તેમના અંગત સંગ્રહમાં ૮,૦૦૦ પુસ્તકો, ૧૨,૦૦૦ મૅગેઝિન તથા ૬,૦૦૦ જેટલી સીડી/ડીવીડી છે. તેઓ ગુજરાતીઓમાં ખૂબ જ પ્રિય છે, કારણ તેઓ સાલસ, ખુશમિજાજ અને હકારાત્મક વિચારસરણી ધરાવે છે. તેઓના મુખ્ય વિષય જૈન દર્શન, યુવા શિક્ષણ અને કારકિર્દી, દિવ્ય સુખ અને સમૃદ્ધિ તથા વિચારોમાં ચમત્કાર, સામાજિક રિવોલ્યુલેશન છે. આવા ગોંડલના ગૌરવ જેવા Speak Bindasના પ્રણેતા સુજ્ઞશ્રીનાં પ્રવચનોનો કાર્યક્રમ ભાવનગર સેન્ટરે તેના સભ્યો માટે રાખી ચાહના મેળવી લીધી.

*રિપોર્ટ : તુષાર શાહ-શૈલેશ શેઠ*

## જેજેસી - લે. વિ. જામનગર

શુક્રવાર, તા. ૨૨-૪-૨૦૧૧ના રોજ સેંટરની બહેનોએ 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત એક મ્યુઝિકલ નાઈટનો કાર્યક્રમ માણ્યો.

૧૩ મેના રોજ ૧૩૦ સભ્ય-બહેનોએ ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ અંતર્ગત One Minute ગૅમ માણતાં માણતાં ભોજનનો સ્વાદ માણ્યો. સાથેસાથે થોકબંધ ઈનામો જીત્યાં.

જામનગરનું આ સેન્ટર Fellowshipની સુગંધ સારી રીતે ફેલાવે છે તે જાણી આનંદ-આનંદ.

*રિપોર્ટ : સીમા શાહ*

## જેજેસી - વિલે પાર્લે

આજના યુગમાં વિદ્યાર્થીઓ અને તેમના વડીલો ધોરણ ૧૨ પછી કઈ ફૅકલ્ટીમાં જવું જેથી સારી કૅરિયર બની શકે તે બાબત દિશાવિહીન થઈ ગયા છે. પરિણામ આવ્યા બાદ જ નક્કી થઈ શકે. ત્યારે વિચારવાનો સમય હોતો નથી. સામાન્ય રીતે આ બાબત ગાડરિયો પ્રવાહ જ હોય છે. અભ્યાસક્રમમાં પણ એટલી બધી ફૅકલ્ટી ખૂલી ગઈ છે કે કઈ લાઈનમાં જવું તે નક્કી કરવું મૂંઝવણભર્યું છે.

આમાં મદદરૂપ થવા સેન્ટર તરફથી એક સરસ હેતુલક્ષી કાર્યક્રમનું આયોજન રવિવાર, તા. ૧૨-૬-૨૦૧૧ના રોજ

કરવામાં આવ્યું.

વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ માટે માર્ગદર્શન મેળવવા અર્થે Career Guidance Seminar and Exhibition કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે શ્રી કુન્દન વ્યાસે ઉદ્‌ઘાટન કર્યું અને બીજા દિવસે મુખ્ય અતિથિ તરીકે શ્રી જિતેન્દ્ર કોઠારી (ચૅરમૅન, જૈન જાગૃતિ સેન્ટર) તથા અતિથિવિશેષ તરીકે શ્રી રમેશ મોરબિયા (વાઈસ ચૅરમૅન, જૈન જાગૃતિ સેન્ટર) હાજર રહ્યા.

વિષયો : 1) Vocational Course after Std. 10 & 12 (Certificate & Diploma)
2) Combination of Parellel Course after Std. 12 along with graduation
3) Specialisation in Banking and Career in journalism
4) Handwriting improvement and councelling

વિલે પાર્લે સેન્ટરના તા. ૧૨-૬-૨૦૧૧ ને રવિવારે યોજાયેલ અન્ય કાર્યક્રમમાં પ.પૂ. આ.ભ. શ્રી વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મહારાજસાહેબનો પરિસંવાદ ભાઈદાસ સભાગૃહમાં રાખવામાં આવેલ Smile Please! વિષય પર.

**બને એવું કે સમસ્યાઓને પણ વિસ્મય થવા લાગે,**
**કશું અંધારે ઊગે અને હોઠ પર સ્મિતનો સૂર્યોદય થવા લાગે.**

માત્ર આપના સ્મિતથી મારા જીવનમાં ઘોર અંધકાર ધોવાઈને ઊગ્યું છે પ્રભાત. માનવજીવનનો રોજબરોજનો અંધકાર ધોઈ નાખવા અને બેવડા ઉત્સાહથી તન-મનને પ્રકાશમય બનાવવાનો આ તારો સંદેશ ઝીલીને મારો આજનો દિવસ તારા સ્મિતથી શરૂ થાય છે.

આજના મારાં દરેક કાર્યોમાં તારું સત્ય અને સૌંદર્ય પ્રગટતાં રહે અને મારા મનની નિર્મળતા રહે. આજનું મારું આચરણ આનંદ અને સ્મિતથી છવાયેલું રહે, જેથી આજના તારા ને મારા વચ્ચેના સંવાદથી મારું જીવન તુજ પ્રતિ શ્રદ્ધેય બને. મારા સંસર્ગમાં આવતા સર્વનો અસંતોષ દૂર કરીને તેમનામાં પરમચેતનાથી ઝળહળતું સ્મિત પ્રગટાવવાની મને શક્તિ મળે.

અન્યનાં સુંદર કાર્યોની હું સસ્મિત પ્રશંસા કરું અને વધુ સુંદર કાર્યો તે કરી શકે તેનો હું પ્રેરક બનું અને તેના જીવનમાં મારા સ્મિતથી તે આશ્વસ્ત થઈને હસીને હળવાશ અનુભવે.

જીવનનો રાહ ગમે તેવો ખડકાળ અને ખાડાખબડાવાળો હોય, તેમાં પણ તારી કરુણતા અને સ્મિત વ્યક્ત થાય, તેમને પણ પોતાની મંજિલે પહોંચ્યાનો આનંદ મળે. આજના દિવસ દરમિયાન મળેલાં આનંદનો અને સ્મિતની ઝાલરનો તેમાં રણકાર ભળે.

અમે તને ચાહીએ છીએ તેથી વિશેષ તું અમને ચાહે છે, તારા વત્સલ વરદાનથી એવાં સુંદર કાર્યો અમારા હાથેથી થાય કે તું પ્રસન્ન પ્રસન્ન થઈને ખડખડાટ હસે અને અમને કહે Smile Please!

કાર્યક્રમ સેન્ટરના સભ્યો માટે હતો, પણ જનમેદની ઉમટી પડી. નવાઈની વાત નથી!

## જેજેસી - પાટણ

રવિવાર, તા. ૧૯-૬-૨૦૧૧ના રોજ સેંટરના તેજસ્વી તારલાઓનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું. પાટણના જૈન સમાજના ધોરણ ૧૨ના મેરિટ વિદ્યાર્થીઓનું ઉચિત સન્માન કરવામાં આવ્યું.

જમણ સાથેના કાર્યક્રમમાં નાનાં બાળકોએ ડાન્સિંગ તથા વેશભૂષાનો સુંદર કાર્યક્રમ આપ્યો.

# અભિનંદન

## જેજેસી - નવી મુંબઈ

સેન્ટરના પ્રમુખ શ્રી જયેશ વશનજી વોરા એટલે કે APMC દાણાબજારના ડાયરેક્ટર તથા ગ્રોમોના કારોબારી સભ્યને બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા મહારાષ્ટ્ર પુરસ્કાર-૨૦૧૧ શ્રી આર. આર. પાટીલ, શ્રી હેમરાજ શાહ તથા શ્રી અરુણ ગુજરાથી દ્વારા અર્પણ કરવામાં આવેલ તે બદલ જેજેસી પરિવારનાં હાર્દિક અભિનંદન.

# વાર્ષિક સામાન્ય સભા

વર્ષ ૨૦૧૧ની વાર્ષિક સામાન્ય સભા (AGM)નું આયોજન વિવિધ સેન્ટર્સ દ્વારા નીચે પ્રમાણે થયું જેમાં વર્ષ ૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, ઓડિટેડ હિસાબની રજૂઆત તથા મંજૂરી, ૨૦૧૧ માટેના ઑડિટરની નિમણૂક તથા અન્ય વિગતો બાબત ચર્ચા થઈ.

૧) **જેજેસી-સાયન માટુંગા** : તા. ૭-૬-૨૦૧૧ ને મંગળવાર – યશવંત નાટ્ય મંદિર ખાતે.
૨) **જેજેસી-જુહુ બીચ** : તા. ૨૭-૦૬-૨૦૧૧ ને સોમવાર – ભાઈદાસ સભાગૃહ ખાતે.
૩) **જેજેસી-બીચ સાઈડ** : તા. ૨૯-૦૬-૨૦૧૧ ને બુધવાર – ભાઈદાસ સભાગૃહ ખાતે.

# ENCOURAGEMENT FOR HIGHER EDUCATION

જૈનો સુખી-અતિસુખી છે એવી માન્યતા ખોટી સાબિત થઈ જ્યારે જેજેસીએ હાયર એજ્યુકેશન અભિયાન આદર્યું. જૈન સમાજનું Cross Section જેજેસી પાસે આવી ગયું. અમુક વર્ગ એટલો સુખી છે કે બાકીના જૈનોની Wellnessની જવાબદારી ઉઠાવી શકે, પણ અમુક વર્ગ Between the lines છે, જેઓ ખાધે-પીધે સુખી કહી શકાય, પણ જ્યારે Higher Educationનો સવાલ આવે ત્યારે તેઓ લાચાર થઈ જાય છે. હાયર એજ્યુકેશન વિના ભવિષ્યમાં આપણો સમાજ પાંગળો થઈ જશે અને હાંસિયામાં ધકેલાઈ જશે તો જૈન હોવાનું ગૌરવ આપણી પાસે નહીં હોય.

અનાયાસે જેજેસીએ શિક્ષણ અભિયાન ચાલુ કર્યું. સાધુ-ભગવંતોનાં ઉપદેશ-પ્રેરણાથી જૈન શ્રેષ્ઠીઓએ સાધર્મિક કાર્યોને પ્રજ્વલિત રાખ્યાં છે. જેજેસીનું ધ્યેય આવા શ્રેષ્ઠીઓનો સંપર્ક કરી શિક્ષણ અભિયાનમાં પ્રેરવાનું છે અને તેમના તરફથી આવેલ અનુદાનથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ભણવામાં પ્રોત્સાહન (Encouragement) આપવાનું છે જે ખૂબ જ સફળતાથી થઈ રહ્યું છે.

પ્રસિદ્ધ દાનવીર જૈન શ્રેષ્ઠીઓને આ અભિયાનથી વાકેફ કરવા માટે જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તરફથી એક 'Encouragement for Higher Education' કાર્યક્રમનું આયોજન તા. ૨૫-૬-૨૦૧૧, શનિવારના રોજ મુંબઈના વર્લી ખાતે આવેલ જે. કે. બૅન્ક્વેટ હૉલમાં કરવામાં આવ્યું.

જૈન અગ્રણી શ્રેષ્ઠીઓ શ્રી કેશવજીભાઈ છાડવા, શ્રી દામજીભાઈ એન્કરવાલા, શ્રી સુંદરજીભાઈ શાહ, શ્રી શામજીભાઈ વોરા તથા અગ્રગણ્ય બીલ્ડર શ્રી સુભાષજી રૂણવાલ, શ્રી ધર્મેશજી જૈન, શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ, શ્રી ગુણવંતભાઈ દામાણી તથા શ્રી હર્ષદભાઈ દીપચંદ શાહ, શ્રી સુરેશભાઈ સી. શાહ, શ્રી પંકજભાઈ સંઘવી, શ્રી અશોકભાઈ શાહ અને શ્રી પ્રાણલાલભાઈ શેઠ વગેરે ઉપસ્થિત રહ્યા. પ.પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબે રૂબરૂ આવીને આશીર્વાદ આપતા બધા જ હર્ષોલ્લિત થઈ ગયા. પ્રસંગને ઉચિત બ્રહ્માકુમારી યોગિનીબહેને પ્રેરક પ્રવચન આપ્યું. બધા જ આમંત્રિત શ્રેષ્ઠીઓએ આપણા અભિયાનથી પ્રેરિત થઈ બધા જ પ્રકારનો સહયોગ ગમે તે સમયે આપવાનું વચન આપ્યું.

આ કાર્યક્રમનું સુકાન સંભાળ્યું શ્રી સંજય શાહે. આવકાર આપી બધાને સત્કાર્યા શ્રી કિશોર નંદલાલ શાહે તથા એજ્યુકેશન પ્રોજેક્ટ અભિયાન વિશે વિસ્તૃતમાં માહિતી આપી શ્રી જિતુભાઈ કોઠારીએ. ભોજન દરમિયાન મુંબઈનાં જુદાંજુદાં સેન્ટરમાંથી આવેલા કમિટી સભ્યો સફળતાથી હર્ષિત થઈને એકબીજાને હળ્યા-મળ્યા.

આ કાર્યક્રમને મળ્યું ''જેજેસી-નૉર્થ ઈસ્ટ''નું સૌજન્ય.

## હસવાની વાતો ગંભીરતાથી લેવાની

પાકિસ્તાન ઘણી બાબતમાં આપણું પગલું દબાવે છે. અણુશસ્ત્રો, રૉકેટ ટેકનૉલૉજી, શસ્ત્રો વગેરે વગેરે. અભ્યાસક્રમમાં તેઓ આપણી કૉપી કરી શક્યા નથી, પણ અભ્યાસની ડિગ્રીમાં ચોક્કસ કૉપી કરી છે. તાજેતરના સંદર્ભમાં આપણા ટ્રેઝરર શ્રી અનિલ દોશીએ શોધી કાઢ્યું છે કે,

પાકિસ્તાનમાં અપાતા અભ્યાસક્રમ અને ડિગ્રી

| | | |
|---|---|---|
| 1) | B.E. | Bomb Engineering |
| 2) | M.B.B.S. | Member of Bomb Blasting Society |
| 3) | I.T.I. | Islamic Terrorism Institute |
| 4) | C.A.T. | Carrier in Al Qveta & Taliban |
| 5) | M.Tech | Master in Terror Technology |
| 6) | L.L.B. | Learning Licence of Bomb Blasting |
| 7) | B.S.C. | Bio Weapon Science in Crualty |

એટલું જ નહીં, આ ડિગ્રીઓ પ્રાપ્ત કરવા ત્યાં Higher Education Scholarship પણ અપાય છે.

## જૈન વિદ્યાર્થીઓ માટે કોચિંગ

શ્રી સોહિલ ભરત શાહ એન્જિનિયરિંગના જૈન વિદ્યાર્થીઓને તેમના અંધેરીસ્થિત કોચિંગ ક્લાસમાં Free of Cost (નિઃશુલ્ક) કોચિંગ આપવાની ઑફર કરે છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓ લાભ લઈ શકે છે.

Subject : Applied Maths 1 - 2 - 3 & 4

સંપર્ક : 098672 83708

## સંસ્થા સમાચાર

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મિત્રમંડળ, અંધેરી દ્વારા યુગદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ.સા.ના આશીર્વાદ સાથે યોજાયેલ એક સ્નેહમિલનના ભવ્ય કાર્યક્રમ અન્વયે ઝાલાવાડના દાનવીર શ્રી સી. યુ. શાહના ૯૪મા જન્મદિનની ઉજવણી, શ્રીમતી રમિલાબહેન દોશીને નારીરત્ન એવૉર્ડ એનાયતવિધિ તથા ઝાલાવાડ લેડિઝ ગ્રુપનો ઉદ્‌ઘાટન સમારોહ સંપન્ન થયો. આ પ્રસંગે શ્રી શરદ પવાર તથા શ્રી અરુણભાઈ ગુજરાથી ખાસ હાજર રહ્યા.

# જૈન જાગૃતિ સેન્ટર આયોજિત નવમી કૉન્ફરન્સ

Conference એટલે ગ્રુપ મિટિંગ કરી ચર્ચા કરવી અને વિચારોનું આદાન-પ્રદાન કરવું. કોઇ પણ સંસ્થાની તંદુરસ્તી અને પ્રગતિ માટે સમયાંતરે કરવી જ જોઈએ. તેનો ગુજરાતી અર્થ હરીપુરા કૉંગ્રેસ કૉન્ફરન્સ Conference સમયે ગુજરાતના મહારાષ્ટ્રીયન સાક્ષર શ્રી કાકા કાલેલકરે આપેલ: ''અધિવેશન'' જે પછીથી હિંદી ભાષામાં પણ અપનાવેલ.

જેજેસી પરિવારનાં સર્વે સેન્ટરોના કારોબારી કમિટી સભ્યોને આવરી લેતી Conference દર બે વર્ષે જેજેસી-સેન્ટ્રલ બોર્ડ દ્વારા આયોજિત કરવામાં આવે છે. તા. ૧-૨-૩-જુલાઈ, ૨૦૧૧ના રોજ દમણ ખાતે MIRASOL RESORTમાં નવમી International Conference યોજાઈ ગઈ.

દમણના રમણીય કિનારે ૬૫ એકરમાં પથરાયેલ બધી લક્ઝરી સગવડતાઓથી સજ્જ Star Graded Water Resortમાં હાજરી આપવા સેન્ટરોના Deligates થનગની રહ્યા હતા તો બીજી બાજુ તેઓને આવકારવા સેન્ટ્રલ બોર્ડ સજ્જ હતું. તા. ૧ની સવારથી ડેલિગેટ્સ By Rail/ By Road આવતા ગયા અને સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી શ્રી કિશોર શેઠની ખૂબ જ ચોકસાઈપૂર્વકની જહેમતથી ફાળવવામાં આવેલી રૂમમાં, શ્રી સચીન પવાર અને સુભાષ પાસે રજિસ્ટ્રેશન કરાવીને સેટલ થતા ગયા. ગામેગામથી આવેલા ડેલિગેટસો અરસપરસ મળીને આનંદિત અને ઉત્સાહિત હતા. બધા અરસપરસ પરિચય કેળવતા હતા.

સ્વરુચિ ભોજન બાદ થોડીક વામકુક્ષી કરીને બરાબર બપોરના ત્રણ કલાકે બધા કૉન્ફરન્સ હૉલમાં ગોઠવાઈ ગયા. શ્રીમતી કેતના ડી. શાહ તથા શ્રીમતી મીતા બી. શાહ (જેજેસી-લે. વિ. સુરેન્દ્રનગર) દ્વારા નવકાર મંત્રના સ્મરણ અને તાળીઓના ગડગડાટ વચ્ચે દીપપ્રાગટ્ય બાદ ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારીએ વિધિસર ઉદ્ઘાટન કરી કૉન્ફરન્સના શ્રીગણેશ કર્યા. ૩૦૦/૩૨૫ ડેલિગેટસોને નિહાળી જિતુભાઈએ કહ્યું કે મને પાંદડે પાંદડે દીવા દેખાય છે. જેજેસી આજે એક જબરજસ્ત સંસ્થા તરીકે ઊભરી આવી છે. જૈન સમાજ આજે જેજસી પાસેથી ઘણી આશા રાખે છે, ત્યારે આપણી જવાબદારી વધી જાય છે. મને ખાતરી છે કે દરેક સેન્ટરે બહુ જ ગૌરવથી જવાબદારી ઉઠાવી લીધી છે.

શ્રી કિશોર શાહે એજ્યુકેશન અભિયાન પર ભાર મૂક્તાં જણાવ્યું કે અમને જેજેસીનાં દરેક કુટુંબ પાસેથી ફાળો જોઈએ છે. દરેક પદાધિકારીઓએ તેમને આપેલ વિષય પર ટૂંકમાં, પણ સચોટ અને અસરકારક રજૂઆત કરી. ઉદ્બોધન પછી ડીનર બાદ રાત્રે ૯.૩૦ કલાકથી સાઈરામ દવેના માર્મિક હાસ્ય કાર્યક્રમે બધાને ફ્રેશઅપ કરી દીધા. રાત્રીના ૨.૩૦ સુધી કોઈએ ઊઠવાનું નામ ન લીધું અને દિલ માગે મોરની માગણી ચાલુ રાખી.

બીજા દિવસે મનોમંથનનો કાર્યક્રમ હતો. મુંબઈથી ખાસ પધારેલ બ્રહ્માકુમારી દીપાબહેને સરળ વાણીમાં દૃષ્ટાંતો આપી, પ્રશ્નો પૂછી સામે બેઠેલા સમુદાયને involve કરી સંપૂર્ણ મનોમંથનના વિષયને સહજતાથી માણવાલાયક બનાવી દીધો.

વળી પાછું લંચ-ફેઈસ ટુ ફેઈસ મિટિંગના પરીપાકે Fellowshipનું મજબૂતીકરણ, આનંદ આનંદ.

બીજા દિવસનો દ્વિતીય કાર્યક્રમ મૅનેજમેન્ટ વિષય પર મુંબઈથી પધારેલ મૅનેજમેન્ટ ગુરુ – કૉર્પોરેટ ટ્રેનર શ્રી કૈલાસ મંત્રી દ્વારા આપવામાં આવ્યો. તેમણે પણ તેમની શૈલીથી મૅનેજમેન્ટ જેવા ભારેખમ વિષયને રસપ્રદ બનાવી દરેક ડેલિગેટસને પ્રભાવિત કરી નાખ્યા.

ત્રીજા દિવસનો Concluding session પણ ડેલિગેટસની માગણી થકી બીજા જ દિવસે લઈ લીધો. દરેકને પોતાના અભિપ્રાય મુક્તપણે સમયની મર્યાદામાં બોલવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. ડેલિગેટસે સારો પ્રતિભાવ આપી ઘણાબધા પ્રગતિશીલ વહીવટી સુધારા ઉપરાંત સંસ્થાના Development માટે જરૂરી સૂચનો આપ્યાં, જેની નોંધ લેવામાં આવી.

પ્રતિનિધિઓનો મોટો હિસ્સો યુવાન-પ્રગતિવાદી, ઉત્સાહી, શક્તિશાળી (Energetic) યુવાનોનો બનેલો હતો જે સંસ્થાનું ઉજ્જવલ ભવિષ્ય સૂચવે છે.

અને બીજા દિવસની પૂર્ણાહુતિ થઈ એક યાદગાર મનોરંજન કાર્યક્રમથી. મુંબઈથી આ ડેલિગેટસને ખુશ કરવા મહેન્દ્ર શાહ તેમની ટીમને લઈને આવેલા જેમાં

કૉમ્પેરર તરીકે જાણીતા-માનીતા પ્રશાંત રાવ આવેલ. બધા સભ્યોને ૯.૩૦ થી ૨.૩૦ સુધી જકડી રાખ્યા અને રાત્રીને યાદગાર બનાવી દીધી.

રાત્રે રૂમમાં જતાં પહેલાં ડ્રાયફ્રૂટથી ભરપૂર કઢિયલ દૂધથી બધાને ગઈકાલની જેમ જ સંતૃપ્ત કરીને શુભ રાત્રી કરી.

ત્રીજા દિવસે સભ્યો માટે Free for Enjoyment રાખેલ. બધાએ Water Parkનો ભરપૂર લાભ લીધો અને લંચ લઈને સુખદ્ યાદગીરી લઈને વિદાય લીધી.

અને જૈન જાગૃતિ સેન્ટરની નવમી ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ સંપન્ન થઈ. વિદાય થતા ડેલિગેટસના મુખારવિંદ પર સંતોષની આભા હતી. ફરી ક્યારે મળીશું તેવા પ્રશ્નવાચક મુદ્દા હતા. ખૂબ જ આનંદ થયો તેવા ભાવ સ્પષ્ટ દેખાઈ આવતા હતા. આ પ્રસંગને આવતી કૉન્ફરન્સ સુધી વગોળીશું તેવા સંકેત હતા.

જય જિનેન્દ્ર

# એ... સાદ સાંભળજો રે...

**જેજેસી પરિવારના દરેક સેન્ટરના કમિટી સભ્યો તથા સામાન્ય સભ્યો, સાંભળજો...**

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ**
**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**
**દ્વારા આયોજિત**
**જૈન સમાજના દરેક ફિરકાઓને આવરી લેતો**

## ૧૭મો સમૂહલગ્નોત્સવ

**શુક્રવાર, તા. ૧૬-૧૨-૨૦૧૧**

**સ્થળ** : પોલીસ પરેડ ગ્રાઉન્ડ નં. ૨, કુકરેજા પૅલેસની પાછળ, વલ્લભબાગ એક્ષટેન્શન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫.

**પ્રેરક દાતા** : શ્રીમતી નલિનીબહેન ધીરજલાલ રામજીભાઈ દેસાઈ પરિવાર

**ભોજનના દાતા** : શ્રીમતી લતાબહેન અનિલભાઈ ખીમચંદ ખંધાર પરિવાર

**સજાવટના દાતા** : જેજેસી-ગોલ્ડન ગારોડિયા

કુલ ૨૧ યુવક-યુવતીનાં લગ્ન કરાવવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે Registration કરવાનું શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીમાં ૧૧ નામ આવી ગયાં છે.

વર અને કન્યા, બન્ને પક્ષના વડીલોએ રૂબરૂમાં સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં આવી જરૂરી ફૉર્મ ભરી મુકરર કરેલ ચાર્જ ભરવાનો રહેશે. ૨૧ નામ આવ્યાં બાદ કોઈ પણ હિસાબે બીજાં નામ લેવામાં આવશે નહીં.

સંપર્કસૂત્ર : સચીન પવાર-૬૫૭૨૬૬૩૬ / ૬૬૯૭૩૦૩૮

૨) જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત આગામી છઠ્ઠી Inter Centre Cricket Tournament તા. ૧૩-૧૪-૧૫, જન્યુઆરી, ૨૦૧૨ના દિવસોમાં રમાડવાનું મુકરર કરેલ છે. આ મૅચ Day-Night રમાવાની છે. World Cup કે IPLની પ્રતિકૃતિ સમાન નિયમોથી રમાડવામાં આવશે. બહુ જ ઉત્સાહ, ઉન્માદ, નિખાલસતા અને ખેલદિલીથી સ્પર્ધા રમાય છે.

સેન્ટ્રલ બોર્ડ ઈચ્છે છે કે જેજેસી પરિવારનાં બધાં જ સેન્ટરો (લેડીઝ વિંગ સહિત) આમાં જોડાય. બહારગામથી રમવા આવતી ટીમ માટે રહેવાની, જમવાની તથા ટ્રાન્સપોર્ટની બધી વ્યવસ્થા સેન્ટ્રલ બોર્ડ કરશે. જો કોઈ નાના સેન્ટરમાંથી ટીમ બનતી ન હોય તો બે-ત્રણ સેન્ટર મળીને ટીમ બનાવી શકશે. તે માટે અગાઉથી સેન્ટ્રલ બોર્ડની મંજૂરી લેવી આવશ્યક છે. ટુર્નામેન્ટને લગતા નિયમો પછીથી જણાવવામાં આવશે.

તો ક્રિકેટમાં ભાગ લેવા અત્યારથી જ તૈયારી શરૂ કરી દેશો એમ સેન્ટ્રલ બોર્ડ જણાવે છે.

૩) દરેક સેન્ટરની કારોબારી કમિટીને વિદિત કરવાનું કે વર્ષ ૨૦૧૦ના હિસાબ તૈયાર કરી તેને ઑડિટ કરાવી AGM બોલાવી રજૂ કરે અને તા. ૧૫-૮-૨૦૧૧ પહેલાં બેલેન્સશીટ અને બીજા એકાઉન્ટ સેન્ટ્રલ બોર્ડમાં સબમિટ કરે.

બંધારણ પ્રમાણે આ ફરજિયાત છે. તેમ નહીં કરનાર સેંટર ઉપર Punitive Action લઈ શકાય.

૪) હજી ઘણાં સેન્ટરોએ તેમના ૨૦૧૨ વર્ષના Mailing Address 'જાગૃતિ સંદેશ'ને મોકલ્યાં નથી. તેમના સેન્ટરના સભ્યો તરફથી ફરિયાદ આવે છે કે તેમને 'જાગૃતિ સંદેશ' મળતા નથી. તો સત્વરે Mailing Addressની C.D. તથા Print out 'જાગૃતિ સંદેશ'ને મોકલી આપે.

# આત્માની સાચી ઓળખ કરાવે એ ખરા ગુરુ

**(૧૫ જુલાઈએ ગુરુપૂર્ણિમા હતી. ગુરુ માનવીના જીવનને કેવી રીતે ઉજાગર કરે છે એ વિશેનો લેખ કિરણ કાણકિયાની કલમે...)**



**ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિલે ન ભેદ,**
**ગુરુ બિન સંશય ના મિટે, જય જય શ્રી ગુરુદેવ.**

શાસ્ત્રોમાં કહ્યું છે કે દરેક વ્યક્તિએ જીવનમાં આધ્યાત્મિક વિકાસ માટે ગુરુ કરવા જોઈએ, કેમકે ગુરુ શિષ્યની દરેક સમસ્યા, સંશયને સૂલઝાવે છે. હા, પરંતુ ગુરુ સાચા હોવા જરૂરી છે. આજે મહાન સંતો થઈ ગયા, તેમણે પણ ગુરુની શોધ આદરી હતી, છતાં સાચા ગુરુ ન મળે તો પોતાના આત્માને ગુરુ માનવો જોઈએ. 'તું જ તારો ગુરુ થા', 'તું જ તારો પ્રકાશ પાથર...'

ગુરુ એટલે 'અસત'માંથી 'સત્' તરફ લઈ જનાર. અંધકારમાંથી પ્રકાશ પ્રતિ દોરી જનાર! મૃત્યુમાંથી અમરત્વમાં મૂકનાર ક્ષોત્રિય-બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ!

શ્રીમદ્ ભગવદ ગીતા (અધ્યાય-૪, શ્લોક-૩૪)માં સ્પષ્ટ કહ્યું છે કે તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા... એટલે કે તત્ત્વને યથાર્થ જાણનારા જ્ઞાની-યોગી પુરુષ પાસે જઈને તેમને શ્રદ્ધા, ભક્તિપૂર્વક પ્રણામ કરીને તેમની સેવા વડે તેમ જ નિષ્કપટ ભાવે પૂછેલા પ્રશ્નો વડે આત્મજ્ઞાન જાણવું. તે આત્મજ્ઞાની સદ્ગુરુ અધિકારી પ્રશ્નકર્તા શિષ્ય-સાધકને કૃપા કરીને આત્મસાક્ષાત્કાર વિષયક માર્ગદર્શન કરશે.

**ગુરુદેવ સર્વોપરી, અધિક વિરાજમાન।**
**ગુરુદેવ સબહિ તેં, અધિક ગરિષ્ઠ હૈ।।**
**-સંત સુંદરદાસ**

ઓશો કહે છે, ગુરુને પામવાનો અર્થ છે ઝૂકવું, અહંકારનો નાશ થવો. વ્યક્તિ ઝૂકતા શીખે અને અહંકાર મિટાવે તો જ ગુરુની પ્રાપ્તિ શક્ય બને. અસ્તિત્વને સંપૂર્ણ મિટાવી દેવાથી પરમાત્મા સુધી પહોંચવામાં સફળ થવાય છે.

'ગુરુ પ્રતાપ, સાધ કી સંગત' જ અસલી સત્સંગ છે, કેમ કે સદ્ગુરુ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ છે. તે કલ્યાણમિત્ર છે અને ગુરુકૃપા ન હોય તો 'પુનરપિ જન્મ, પુનરપિ મરણમ્' મજુબ લક્ષચોરાસીના ફેરા ફરવા પડે.

સદ્ગુરુ ચમત્કાર કરતા નથી. એમનું હોવું જ ચમત્કાર છે. તેઓ ખરેખર કરુણામૂર્તિ, પ્રેમમૂર્તિ, આનંદમૂર્તિ અને ધ્યાનમૂર્તિ હોય છે, પરંતુ ગુરુને ઓળખવા માટે શિષ્યત્વની આંખ જોઈએ. શ્રદ્ધાની મૂડી જોઈએ. ગુરુ આત્માની ઓળખ આપે છે, 'સ્વ'નો બોધ આપે છે.

**ગુરુ કુમ્હાર શિષ કુંભ હૈ, ગઢ ગઢ કાઢૈ ખોટ।**
**ભીતર હાથ સહાર હૈ, બાહર બાહે ચોટ।।**

સંત કબીર કહે છે, બહારથી ચોટ ભલે વાગતી લાગે, ભીતરના સહારાની હૂંફ જે માણી શકે છે તે જ ઘાટીલો અને ઉપયોગી બની શકે. આત્મસિદ્ધિના માર્ગને આથી જ 'શૂરાનો મારગ' કહ્યો છે. જ્ઞાન અને વાણીના અમૃત ખજાનાની ચાવી સદ્ગુરુના હાથમાં છે.

ગુરુ માર્ગદર્શક છે. વિશ્વભરના ઉત્તમ ગુરુઓએ આટલું જ કહેલું છે : 'તમે તમને જાણો'. પોતાને જાણવાનું કામ પોતે જ કરવું પડશે. સ્વયંની અનુભૂતિ પોતે જ કરવી પડે. ગુરુ તો માર્ગ બતાવે.

**પારસ મેં ઔર સંત મેં બડો અંતર જાણ,**
**વો લોહા કંચન કરે વો કરે આપ સમાન.**

એક ગુરુએ શિષ્યને કહી દીધું હતું કે બધું નારાયણ... નારાયણ. શિષ્યે આ વાત મનમાં ઘૂંટી લીધી. એકવાર શિષ્યના માર્ગમાં સામેથી ગાંડો હાથી દોડતો આવતો હતો. ગુરુના વાક્યમાં શ્રદ્ધા રાખીને શિષ્ય રસ્તામાંથી હટયો નહીં. તેણે વિચાર્યું કે હાથી પણ નારાયણ! આ બાજુ મહાવતે બધાને હટવાનું કહેતાં બધા હટી ગયા, પણ શિષ્ય ખસ્યો નહીં. હાથી તેને પછાડીને ચાલ્યો ગયો. શિષ્યને ભારે ચોટ લાગી, પરંતુ હજી તેનામાં જીવ હતો. મોઢામાં પાણી રેડતા તે ભાનમાં આવ્યો. કોઈકે પૂછયું કે તું કેમ રસ્તામાંથી હટયો નહીં. ત્યારે તે બોલ્યો, 'ગુરુદેવે કહ્યું છે કે બધું નારાયણ', ત્યારે પેલો બોલ્યો, 'ભાઈ, બધું નારાયણ એ ખરું, પણ તે મહાવત-નારાયણનું કહેવું કેમ ન સાંભળ્યું. હાથી નારાયણ તો મહાવતમાં નારાયણ ન સંભળાયા'. શિષ્ય શું બોલે ?

ગુરુપૂર્ણિમાને દિવસે ગુરુનું પૂજન એટલે સત્ય, જ્ઞાન અને અનુભવોનું પૂજન. આ કોઈ વ્યક્તિનું પૂજન નથી, તેમના જ્ઞાનનું પૂજન છે. ગુરુપૂર્ણિમાનું આ હાર્દ સમજી ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઊજવીએ.

# PARENT'S DAY (માવતર મહિમા દિન)

**Father is the head of the house and Mother is the heart of the house.**

પિતા ઘરનું મસ્તક (છત્ર) છે, માતા ઘરનું હૃદય છે. માતા-પિતાના દામ્પત્યજીવનનો પરસ્પરનો સહયોગ આપણા જન્મના મૂળરૂપે અંકુરિત થયેલ છે અને સુયોગથી આપણો દેહ બંધાયેલો છે, તેમ જ તેમના સંસ્કારસિંચન અને માળી જેવી માવજતથી આચાર-વિચારનાં પુષ્પોથી ખીલવે છે, ત્યારે તેમનું બાળક હિટલર થશે કે મોહનદાસ ગાંધી થશે તેવા ભાવોથી અલિપ્ત રહીને તેનું લાલનપાલન કરે છે.

**સફળ માવતર થવું એ એક કળા છે**, જેમાં લાગણીઓને હૃદયમાં ઝીલીને, માટીના પિંડને કુંભારની જેમ એક નિશ્ચિત આકાર આપવો પડે છે. આ કાર્યમાં હૈયામાં હળવાશ ધારણ કરવી પડે છે. ચાલતા ન શીખેલા, બોલી નહિ શકતા કે ઊભા પણ ન રહી શકતા બાળકની લાચાર અવસ્થા નથી, પરંતુ તેના પ્રત્યેનું માતાનું વાત્સલ્ય છે અને પિતાનું કર્તવ્ય છે, જ્યાં માવતરની બાકીની તમામ કાર્યપ્રવૃત્તિ ગૌણ બની જાય છે અને બાળક શું ઈચ્છે છે ? તેને શાની જરૂરિયાત છે ? તે માટે Positive Thinkingથી તેને શાંતિથી શીખવવું પડે છે. રાત કે દિવસ તેની જરૂરિયાત માટે રડતા બાળકની અવગણના માવતર કદાપિ કરી શકે જ નહિ. તેઓએ તે માટે સમજણપૂર્વક ઉપાય કરીને બાળકને શાંત કે હસતું કરવું જ રહ્યું.

આમ સમયાંતરે બાળક પા... પા... પગલી ભરતાં મોટું થઈને ડગલાં ભરતું દોડતાં શીખે છે. પિતાની આંગળીએ શેરી વળોટીને શહેરના રસ્તાઓને ઓળખતું થાય છે અને યોગ્ય સમયે બાલશિક્ષણ (Nursery, K.G.)થી અભ્યાસ શરૂ કરીને, પ્રાથમિક, માધ્યમિક અને શાળાંત પરીક્ષા પાસ કરીને સ્નાતક (Graduate) થાય છે. વ્યાવસાયિક (Professional, Businessman) થયા પછી તેને પરણાવીને મા-બાપ તેને પૂર્ણપુરુષ બનાવે છે.

હવે શરૂ થાય છે ફરજ સંતાનની, તેના માવતર (Parents) ને કાળજીપૂર્વક સંભાળવાની, માવતરની ઈચ્છા, લાગણીઓને સમજીને પૂરી કરવાની, જેમાં માવતરે આપેલા સંસ્કારોની સરવાણી વહેતી થાય છે. જેમ પાણીની જરૂરત રણમાં, પ્રકાશની અંધકારમાં અને વાયુ લહરીની ગરમીમાં જરૂરત સમજાય છે, તેમ સંતાનોને મા-બાપની વૃદ્ધાવસ્થામાં તેઓને માટે શું જરૂરી છે તે સમજવું ખૂબ જ અગત્યનું છે.

જૈન ધર્મમાં માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં એક ગુણ 'મા-બાપ'ની પૂજાનો દર્શાવ્યો છે. યાદ રાખો 'સેવા'નહીં, પરંતુ 'પૂજા'! તેમની સેવા તો જ્યારે વયવૃદ્ધિના કારણે કે કોઈ પણ માંદગીને કારણે કે સંજોગોવશાત્ તેમનાં અંગોમાં અનાયાસે આવેલ ક્ષતિને કારણે જ કરવાની રહે છે. એટલે આપણા હૃદયમાં તેમના અગણિત ઉપકારોથી પ્રગટેલી બહુમાનની લાગણીઓ તેમના પ્રતિ અવિરત પૂજનરૂપે વહેતી રહેવી જોઈએ.

(૧) હંમેશાં વ્યવસાયાર્થે બહાર જતા કે બહારગામ જતાં તેમને પગે પડીને 'જય જિનેન્દ્ર' કહીને જ બહાર નીકળવું અને ધંધેથી આવીને પણ પ્રથમ તેમને મળીને જ અન્ય કાર્યો કરવાં.

(૨) તમે જ્યારે બહાર જાઓ છો ત્યારે તેમને જોઈતી જરૂરિયાતની વસ્તુ માટે અવશ્ય પૂછો કે 'પપ્પા તમારા કે મમ્મી માટે કાંઈ લાવવાનું છે?' તેઓ ખાસ જરૂરિયાત સિવાય મગાવશે જ નહીં, તોપણ તેમની ભાવતી વસ્તુ અવારનવાર અવશ્ય લાવીને તેમને પ્રેમપૂર્વક સાથે બેસીને ખવડાવો જ અને જુઓ ત્યારે તેમના મુખ પરની પ્રસન્નતા! રાજાનો ખજાનો પણ રાંક લાગશે તેમની આ પ્રસન્નતા પાસે.

(૩) તેમની રોજિંદી લેવાતી દવાઓ જે તેઓને રોજ લેવાની હોય છે, તે તેમના કહ્યા પહેલાં લાવીને મૂકી દો તેમની દવાપેટીમાં.

(૪) સવારનો નાસ્તો અથવા રાત્રિભોજન તેમની સાથે જ કરો, સાથે તમારાં બાળકોને ભોજનમાં સામેલ કરવા જરૂરી છે. જે ભવિષ્યમાં તમારા માટે જ લાભદાયી રહેશે.

આપ શ્રવણ ન બની શકો તો કાંઈ નહીં, પરંતુ 'માવતરના મદદગાર' જરૂર થજો. આજે તમારા માવતરને તમે સુપેરે સાચવો, આવતી કાલે તમારાં સંતાનો તેના માવતરને સંભાળવાનું જરૂરી સમજશે, કારણકે જેવી કરણી તેવી ભરણી. બાકી આપણી પરંપરા તો પ્રથમથી જ ।।માતૃદેવો ભવઃ।। ।।પિતૃદેવો ભવઃ।।ની પૂજક છે. તે માટે કોઈ અમુક નક્કી તારીખની જરૂરત નથી, પરંતુ પશ્ચિમી સંસ્કૃતિનો પવન આપણા પરિવારોમાં વહેતો થયેલ છે, ત્યારે આપણે પણ આ વિશેષ દિને મા-બાપ પ્રત્યે વધુ જાગૃત રહીએ તે જ સાર્થકતા રહે છે, આ Parent's Dayની.

સંકલન : રોહિત કેનિયા-JJC-Vile Parle

શબ્દાંકન : લેટર લેન્ગવેજ

# PARENT'S DAY

■ ડૉ. વંદના મૂ. ચોથાણી
ચાઈલ્ડ કાઉન્સેલર અને સ્પેશિયલ એજ્યુકેટર
મો.: ૯૮૬૯૧૯૩૬૭૨

જુલાઈ મહિનાનો ચોથો રવિવાર એટલે Parent's Day. પાશ્ચાત્ય સંસ્કૃતિના 'વેલેન્ટાઈન ડે'ની જેમ આપણે Parent's Dayને અપનાવી લીધો છે. પશ્ચિમના દેશોમાં 'પેરેન્ટ્સ ડે' એટલે મા-બાપને યાદ કરો, એમને ભેટ આપો, કેક આપો, એ દિવસે મળવા જાઓ... વગેરે. શું આ આપણી ભારતીય સંસ્કૃતિને અનુરૂપ છે? 'પેરેન્ટસ ડે' એક વિચારધારા છે, એક અભિગમ છે. ૩૬૫ દિવસ કાંઈ ન કરવું અને એ દિવસે કાંઈક કરવું! આપણે માતૃદેવો ભવઃ પિતૃદેવો ભવઃમાં માનવાવાળા છીએ. આપણા માટે પેરેન્ટસ ડે એટલે ફેરવિચારણા – Rethink કરવાનો દિવસ. પેરેન્ટસ ડેને વિસ્તૃત અર્થમાં લેવાનો છે. તે બે રીતે લઈ શકાય. એક બાળકોના વાલીઓ છીએ એ અને બીજું આપણાં મા-બાપનાં બાળકો છીએ.

**બાળકોના વાલી તરીકે** : સફળ વાલી બનવા શું કરવું, સફળ માતા-પિતા શી રીતે થવાય, બાળકોની એમનાં માતા-પિતા પાસે કઈ અપેક્ષાઓ હોય છે... વગેરે મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને ઘણાં પુસ્તકો લખાયાં છે. આ માટે બ્રિટિશ મનોવિજ્ઞાની ડૉ. આર. એફ. હેર્ટ્ઝ દસ મુદ્દાનો કાર્યક્રમ લઈને હાજર થયા છે. એમણે દુનિયાના ૨૪ દેશોનાં એક લાખ બાળકોને પ્રશ્ન પૂછ્યો કે તમને કેવાં મા-બાપ ગમે? આ બાળકોની વયકક્ષા ૮થી ૧૪ વર્ષ હતી. મા-બાપની બાળકો પાસે ઘણીબધી અપેક્ષાઓ હોય છે, પરંતુ હેર્ટ્ઝે કદાચ પહેલી વખત આટલી મોટી સંખ્યામાં બાળકોને આવરી લઈ એ જાણવાનો પ્રયત્ન કર્યો કે એમને કેવાં મા-બાપ ગમે છે. બાળકો તરફથી જે પ્રતિભાવો મળ્યા તેનું પૃથક્કરણ કરી હેર્ટ્ઝે વડીલો માટે દસ મુદ્દાઓનો કાર્યક્રમ રજૂ કર્યો.

બાળઉછેરની વિકટ પ્રક્રિયા દરમિયાન જો આ દસ નિયમો (બાળકોની અપેક્ષાઓ) સંતોષાય તો ઘણાબધા પારિવારિક પ્રશ્ન આપોઆપ હલ થઈ જાય અને 'પેરેન્ટસ ડે' સાર્થક થાય.

**બાળકોની હાજરીમાં ઝઘડો ન કરો** : દાંપત્યજીવનમાં ઝઘડો અનિવાર્ય અનિષ્ટ ગણાય છે, પરંતુ પતિ-પત્ની જ્યારે બાળકની હાજરીમાં ઝઘડો કરે ત્યારે બાળકની સ્થિતિ બહુ કફોડી થાય છે. શાણા માતા-પિતા બાળકોની હાજરીમાં ઝઘડતાં નથી. મનદુઃખની કે વ્યર્થ દલીલબાજીની સ્થિતિ પણ ટાળે છે.

**બાળકોની સામે જૂઠું ન બોલો** : બાળકો જેવું જુએ છે તેવું જીવે છે. તેમાંય દુનિયાનાં વ્યવહારુ ડહાપણોથી પર એવું બાળક જ્યારે મા-બાપને હડહડતું જૂઠાણું આચરતાં જુએ ત્યારે તેનું મનોવિશ્વ હચમચી જાય છે. પોતાની સામે જૂઠું બોલતાં, દંભી આચરણ કરતાં મા-બાપ બાળકને દીઠે ગમતાં નથી.

**હંમેશાં બાળકોના પ્રશ્નોના ઉત્તરો આપો** : બાળક માટે પ્રારંભનાં વર્ષો 'પ્રશ્ન તબક્કો – Questioning Stage' – તરીકે ઓળખાય છે. અહીં તે જિજ્ઞાસાને વશ થઈ અનેક પ્રશ્નો પોતાનાં મા-બાપને પૂછયા કરે છે. કંટાળ્યા વગર પોતાના પ્રશ્નોના ઉત્તરો દર્શાવે તેવાં મા-બાપ બાળકને મનોમન ગમતાં હોય છે.

**બધાં બાળકોને એકસરખો પ્રેમ આપો** : બાળકને માતા-પિતા દ્વારા આચરવામાં આવતા ભેદભાવ સામે સખત નફરત હોય છે. કેટલાય નાદાન વડીલો પોતાનાં જ સંતાનો પ્રત્યે પક્ષપાતભર્યું વર્તન દાખવતાં હોય છે. દીકરીની ઉપેક્ષા થાય અને પુત્ર પ્રત્યે વધારે પ્રેમ દાખવવામાં આવે કે નાના દીકરાને VIP treatment અપાય જ્યારે મોટાને ધક્કે ચઢાવાય... વગેરે પ્રકારનું વર્તન બાળકોને ગમતું હોતું નથી.

**દંપતી વચ્ચે પરસ્પર સહિષ્ણુતાનો ગુણ કેળવાયેલો હોય** : દાંપત્યજીવનમાં મતભેદો ઊભા થાય તે બહુ સહજ ગણાય, પરંતુ ઉભય પક્ષે સહિષ્ણુતાનો ગુણ કેળવાયેલો હોય તો મતભેદો મનભેદનું સ્થાન લેતા નથી અને બન્ને જણ સહિષ્ણુતાપૂર્વક એકબીજાંને સમજવાનો અને નિભાવવાનો પ્રયત્ન કરે છે.

**માતા-પિતા અને બાળકો વચ્ચે મૈત્રીભાવ હોવો** : મા-બાપ બાળકોના બોસ બની બેસે તે બાળકોને ગમતું નથી. બાળકો ઈચ્છે છે કે માતા-પિતા એમની સાથે મૈત્રીભાવે વર્તે. બાળક સાથે મિત્ર જેવું વર્તન દાખવવા માટે તે સોળ કે અઢાર વર્ષનું થાય ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી. જો માતા-પિતા અને બાળકો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો પ્રવર્તતા હોય તો એમની વચ્ચે સંઘર્ષની સંભાવના ઘટે છે અને પરસ્પર સમજણનો સેતુ નિર્માણ થાય છે.

**બાળકના મિત્રોને આદરણીય મહેમાનની જેમ આવકારો**: માતા-પિતા બાળકોના મિત્રોને પણ પ્રેમ કરે

છે, તેને ઉષ્માપૂર્ણ રીતે ઘરમાં આવકારે છે, તે બાળકોનો પ્રેમ સંપાદન કરી શકે છે.

**બાળકોને તેના મિત્રોની હાજરીમાં ઠપકો આપતાં નથી કે ગુસ્સે થતાં નથી :** બાળક ખૂબ જ સ્વમાની અને અહમ્‌વાદી હોય છે. માતા-પિતા એને મિત્રોની કે અન્ય સંબંધીઓની હાજરીમાં ઠપકો આપે કે ઊંચા સાદે બોલે તે એને હરગિઝ પસંદ હોતું નથી. બાળકને એવાં મા-બાપ ગમે છે જે એનું માન સાચવે અને અન્યની ઉપસ્થિતિમાં અપમાનિત ન કરે.

**બાળકની ક્ષતિઓની સાથે એમની શક્તિને પણ સરાહે :** જે મા-બાપ બાળકની ભૂલો શોધવાની સાથેસાથે એમની સારી બાજુઓની પણ નોંધ લે તે મા-બાપ બાળકને વિશેષ ગમે છે. જો માતા-પિતા બાળકની માત્ર ટીકા જ કર્યા કરે તો તેઓ બાળકનો આદર ગુમાવે છે.

**પ્રેમ અને ભાવાવેશોનું સાતત્ય જાળવવું :** ઘણા વડીલો આધુનિક ભારતીય ઋતુની જેમ પ્રેમ અને સ્વભાવ બદલ્યા કરે છે. ઘડીમાં રીઝે ને ઘડીમાં ખીજે તેવાં મા-બાપ બાળકોને પસંદ નથી. બાળકો પ્રત્યેનો માતા-પિતાનો પ્રેમ સાતત્યપૂર્ણ અને એકસરખી માત્રા ધરાવતો હોવો જોઈએ.

### આપણાં મા-બાપનાં બાળકો તરીકે

શું યુવાનો વૃદ્ધ મા-બાપની યોગ્ય સંભાળ લે છે? આજે યુવાનો અને વૃદ્ધો વચ્ચેનું માનસિક અને બૌદ્ધિક અંતર વધી રહ્યું છે. નગરજીવનની સંસ્કૃતિ તેની ખૂબીઓ અને ખામીઓ સાથે પ્રગટી રહે છે. આર્થિક સમૃદ્ધિની સાથેસાથે સામાજિક દૂષણો પણ ફેલાઈ રહ્યાં છે. વૃદ્ધ મા-બાપ સાથે બે મિનિટ બેસીને વાત કરવાનો યુવાન દીકરા-દીકરીઓ પાસે સમય નથી. તેમને શું દુઃખ છે કે શું મૂંઝારો છે એ જાણવાની નિષ્ઠા નોકરી-ધંધાની જવાબદારીઓમાં ઓગળી ગઈ છે. સમય ન આપવો એ પણ અવગણનાનો એક પ્રકાર છે. વાલીઓને પોતાનાં યુવાન બાળકો પાસે નીચે મુજબની અપેક્ષાઓ છે.

**તેમને સમય ફાળવો :** તેમને ગમતી વાતો, તેમને આનંદ આવે તેવા કાર્યક્રમોનું આયોજન કરો. દા.ત. જૂનાં ગીતો સાંભળવા, તેમના જૂના મિત્રોને બોલાવો, ફોટાઓ પાડો, સાથે ફરવા જાઓ, સાથે જમો, નિયમિતરૂપે વાતો કરો, તેમનાં જૂનાં આલબમો કાઢીને પૂછો આ કોણ છે? તેમની યુવા સમયની તેમણે કરેલી હાડમારીઓ પૂછો, તમને ખબર હોય તોપણ તેમના મોઢેથી દોહરાવા દો. તે તેમને માટે ટોનિક છે. તે આરંભ કરે તો 'મને ખબર છે' ન કહો, સાંભળવાની આદત રાખો.

આ બધું જ વિચારવાનો દિવસ એટલે જ 'પેરેન્ટસ ડે' આ વિચારીને જો આપણે જીવનમાં અમલ કરશું તો જ આપણે સારી રીતે 'પેરેન્ટસ ડે' ઊજવ્યો ગણાશે. તેથી જ કહ્યું છે કે 'નાનું કુટુંબ સુખી કુટંબ નહીં, ગુણી કુટુંબ સુખી કુટુંબ.'

## પેરેન્ટસ ડે નિમિત્તે
## ઓહ શ્રવણ, તું પણ...!

ઘરેઘરે સર્જાતાં દૃષ્યો છે. આજના યુવાનો ''મુકુંદ'' (રા. ના. પાઠકનું એક પાત્ર) બની રહ્યા છે. તેઓને તેમનાં મા-બાપ કે અન્ય વડીલો બોજારૂપ લાગે છે. તેમની સોસાયટીમાં મા-બાપનાં વ્યક્તિત્વ બદલ શરમ આવે છે, સંકોચ થાય છે. આ આજનો એકવીસમી સદીનો શ્રવણ છે.

કૃપા જિનશાસન દેવની – જૈન કુટુંબોમાં આ કુસંસ્કારો હજી આવ્યા નથી!! – *તંત્રી*

## શ્રવણ

ડોસા, ચૂપ બેસો!
અમથું અમથું બડબડ ન કરો.
તમારી જૂની-પુરાણી ઘસાઈ ગયેલી વાતો અમને અને સંતાનોને સંભળાવ સંભળાવ ન કરો.
યાદ રાખો,
ઘરમાં સૌ પોતપોતાનાં કામમાં વ્યસ્ત છે.
કોઈને ઘડીની ફુરસદ નથી.
આખો દિવસ ચા-નાસ્તાની ફરમાઈશ કર્યા ન કરો ને તમારી દવા યાદ કરી સમયસર લેતા રહો.
મિત્રો કે મહેમાન મળવા આવે ત્યારે બધાની વચ્ચે કાન લાંબા કરી જડાઈ ન રહો.
અમારે કહેવું પડે તે પહેલાં તમારા રૂમમાં ચાલી જજો.
રાતે ઊંઘ ન આવતી હોય તો બત્તી કરી, આમતેમ આંટા મારી બીજાને ખલેલ ન પહોંચાડશો.
ડૉક્ટરે આપેલી ઊંઘની ગોળી લઈ શાંતિથી સૂઈ જજો!'
પણ.....
શબ્દોરૂપી બાણથી ઘવાયેલો ડોસો આમ જ પલંગ પર ઢળી પડયો.
પછી ઊંઘની ગોળી લેવાની તેને જરૂર ન પડી:

*પ્રેષક : કિશોર નંદલાલ શાહ*

# EMPATHY FOUNDATION, MUMBAI

**Promoted by**

## SUGAL & DAMANI GROUP

**is a Charitable Trust engaged in creating rural educational infrastructure by building schools, Aanganwadies, in rural Maharashtra. It also conducts Health Camps mainly Eye Camps, apart from undertaking water harvesting projects, village adoption schemes and provision of solar lights.**

Empathy Foundation is planning to award a limited no. of Scholarship to students Pursuing Technical and professional courses in Colleges / Polytechnics in Maharashtra.

**For the guidelines, Terms and Conditions and online, registration please log on to www.empathyfoundation.in**




# પ્રાગૈતિહાસિક તીર્થંકર શ્રી પાર્શ્વનાથ

■ ડૉ. આરતી નલિન વોરા

ભરતક્ષેત્રમાં ચોથો આરો પૂરો થવા આવ્યો હતો. વર્તમાન ચોવીસીના બાવીસ તીર્થંકરો મોક્ષે પધારી ગયા હતા તેને વર્ષો વીતી ગયાં હતાં. ત્યારે વારાણસી નગરીમાં રાજમહેલના આંગણે રોજ આકાશમાંથી રત્નોની વૃષ્ટિ થતી હતી તેથી નગરજનોને લાગ્યું કે કોઈ મંગળ પ્રસંગની આગાહી છે. ખરેખર ત્યાંના રાજા અશ્વસેન અને વામામાતાને ત્યાં ત્રેવીસમા તીર્થંકરના જન્મની આ નિશાની હતી.

ચૈત્ર સુદ બીજને દિને માતાને ચૌદ સ્વપ્નો દેખાયાં અને માતાના ઉદરમાં પારસનાથના જીવનું આગમન થયું. માતાનું હૃદય આનંદથી નાચી ઊઠ્યું. દરેક તીર્થંકરનું ચ્યવન માતાના ઉદરમાં થાય છે ત્યારે તેની માતાને આ રીતે ચૌદ સ્વપ્નો દેખાય છે.

માગશર વદ દશમના દિને ત્રેવીસમા તીર્થંકરનો અવતાર થયો. આખી નગરી અને ત્રણે લોકમાં આનંદ ફેલાઈ ગયો. દુંદુભિનાદ થતાં ઈન્દ્રો જન્મોત્સવ મનાવવા આવી પહોંચ્યા. દેવ-દેવીઓ આનંદવિભોર થઈ પ્રભુનો જન્માભિષેક કરી માતાને કહે છે કે 'આપે તો આ જગતને જ્ઞાનપ્રકાશક દીવડો આપ્યો છે. આપનો પુત્ર તો ત્રણ જગતનો નાથ છે. પ્રભુને જન્મથી જ ત્રણ જ્ઞાન હતાં તેમ જ ક્ષાયિક સમ્યગ્દર્શન હતું. તેઓ સ્વભાવે અતિસૌમ્ય હતા. તેમનું રૂપ અલૌકિક હતું.

પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે એકવાર રાજા-રાણી ઉપવનમાં બેઠાં હતાં. તે સમયે અંધકારમાં પણ રાણીને બાજુએથી પસાર થતો કાળો નાગ દૃષ્ટિગોચર થયો હતો તે કારણે પ્રભુનું નામ 'પાસ' કે 'પાર્શ્વ' રાખવામાં આવ્યું.

માતા-પિતાએ પ્રભુને જ્યારે લગ્ન માટે અનુરોધ કર્યો ત્યારે પ્રભુએ જણાવ્યું કે 'અલ્પકાળમાં જ સંયમ ધારણ કરીને મારે મારી આત્મસાધના પૂરી કરવાની છે, તેથી મારે સંસારના બંધનમાં પડવું ઉચિત નથી.' આમ પાર્શ્વકુમાર મનથી વિરક્ત હતા, પણ પિતાના આદેશાનુસાર પ્રસેનજિત રાજાની પુત્રી પ્રભાદેવી સાથે વિવાહ કર્યા.

એક દિવસ રાજકુમાર પાર્શ્વ રાજમહેલના ગોખમાં બેઠા બેઠા નગરનું અવલોકન કરતા હતા ત્યારે તેમણે પૂજાની સામગ્રી લઈને મોટા જનસમૂહને નગરની બહાર જતા જોયો. કુતૂહલ થતાં તેમને જાણવા મળ્યું કે નગરની બહાર એક 'કમઠ' નામનો ઉગ્ર તપસ્વી આવેલો છે જે પંચાગ્નિ તપ તપી રહ્યો છે. તેની પૂજાઅર્ચના કરવા માટે લોકો જઈ રહ્યા છે. કૌતુકવશ રાજકુમાર પાર્શ્વ પણ કમઠને જોવા ગયા. ત્યાં તેમણે જોયું તો અગ્નિજ્વાળા આકાશને આંબી રહી છે અને મોટાં મોટાં લાકડાં અગ્નિકુંડમાં બળી રહ્યાં છે.

પાર્શ્વને અવધિજ્ઞાનને લીધે બળી રહેલાં લાકડાંમાં નાગદંપતી છે તેવો ખ્યાલ આવ્યો અને તેનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે તપસ્વીને કહ્યું કે 'તમારું આ કેવું અજ્ઞાન તપ છે. પંચેન્દ્રિય જીવોને ભસ્મ કરીને તમે તમારું કલ્યાણ ચાહો છો?'

તપસ્વીએ પ્રતિકાર કર્યો છતાં પાર્શ્વએ સેવક પાસે અગ્નિમાંથી લાકડું બહાર કઢાવી સાવધાનીથી ચીરવા કહ્યું તો તેમાંથી નાગદંપતી બહાર નીકળી તરફડવા લાગ્યાં. પાર્શ્વએ તેમને નવકારમંત્ર સંભળાવી તપસ્વી પર ક્રોધ ન કરવા સલાહ આપી. તેઓ સમાધિપૂર્વક મૃત્યુ પામી નાગકુમાર જાતિના દેવોનાં ઈન્દ્ર-ઈન્દ્રાણી ધરણેન્દ્ર અને પદ્માવતીના નામથી ઉત્પન્ન થયાં.

અજ્ઞાન તપસ્વી કમઠ ત્યાંથી મરીને મેઘમાળી નામનો દેવ થયો. લોકોને આ રીતે સત્ય ધર્મની સમજ મળી અને તાપસોનો પ્રભાવ ઓછો થયો. ભાવિ તીર્થંકરો ગૃહસ્થાવાસમાં પણ ધર્મક્રાંતિ લાવી શકે છે.

ભોગવલી કર્મોની સમાપ્તિ થતાં પ્રભુ દીક્ષા ધારણ કરવા તૈયાર થયા. તેઓ વિચારતા હતા કે 'મારે જગતના સામાન્ય મનુષ્યની માફક સંયમ વગર કાળ ગુમાવવો ઉચિત નથી. મારે પણ જિનવરોના માર્ગે જવાનું છે, તેથી હું મુનિ થઈને આત્મસાધના કરીશ.'

તેઓ વૈરાગ્યભાવના ભાવવા લાગ્યા કે 'શરીર તો જીવન વગરનું છે – તેમાં ચેતના નથી. જ્ઞાન-દર્શનમય ચેતના જ મારું જીવન છે. હું જ્ઞાન-દર્શનરૂપ એક શાશ્વત જીવ છું. બીજું કશું મારું નથી માટે સર્વત્ર મમત્વ છોડીને હું મારા ચિદાનંદ સ્વરૂપમાં જ લીન થાઉં છું.' માતા-પિતાની પરવાનગી લઈને પ્રભુએ દીક્ષા લીધી અને તેમની સાથે ત્રણસો મુનિથી દીક્ષાવન શોભી ઊઠ્યું.

ભગવાન પાર્શ્વનાથે પોષ વદ અગિયારશના દિને સંયમ લઈને વારાણસીથી પ્રસ્થાન કર્યું. સંયમસાધના અને તપઆરાધના કરતાં તાપસોના આશ્રમમાં પધાર્યા. કૂવાની પાસે વટવૃક્ષની નીચે ધ્યાન ધરી ઊભા હતા. કમઠ તાપસ જે

મરીને મેઘમાળી દેવ થયો હતો તે અવધિજ્ઞાન (વિભંગજ્ઞાન)થી ભગવાનને ધ્યાનસ્થ જોઈને ત્યાં આવ્યો. પૂર્વનું વેર યાદ કરીને સિંહ, હાથી, રીંછ, સર્પ, વીંછી વગેરે બનીને ભગવાનને જુદી જુદી રીતે કષ્ટ આપવા લાગ્યો, છતાં ભગવાન તો સુમેરુની માફક સ્થિર રહ્યા, પોતાના અડગ ધ્યાનથી વિચલિત ન થયા ત્યારે પોતાનો પરાભવ થવાથી તેણે ગંભીર ગર્જના કરીને અપાર વૃષ્ટિ કરી. પ્રભુને નાક સુધી પાણી આવી જવા છતાંય તેમનું ધ્યાન સ્ખલિત ન થયું.

તે વખતે અવધિજ્ઞાનથી ધરણેન્દ્રે મેઘમાળીના ઉપસર્ગો જોયા અને તેણે પ્રભુના પગ નીચે કમળની રચના કરી અને સાત ફણાવાળું છત્ર બનાવી ઉપસર્ગનું નિવારણ કર્યું. ભક્તિભાવપૂર્વક ભગવાનની સ્તુતિ કરી.

પ્રભુ તો સમભાવમાં હતા. ધ્યાનમગ્ન સમદર્શી ભગવાન ન તો સ્તુતિ કરનાર ધરણેન્દ્ર પર તુષ્ટ થયા કે ન ઉપસર્ગ કરનાર દુષ્ટ કમઠ પર રૂષ્ટ થયા. તે કારણે આચાર્ય હેમચંદ્રએ પ્રભુની સ્તુતિ કરતાં કહ્યું છે કે

कमठे धरणेन्द्रे च, स्वोचित्ते कर्म कुर्वति।
प्रभोस्तुल्य मनोवृत्ति पार्श्वनाथ : श्रियेऽस्तु वः।।

અર્થાત્, પોતાને ઉચિત એવા કર્મ કરનાર કમઠ પર અને ધરણેન્દ્ર પર સરખી મનોવૃત્તિ રાખનાર શ્રી પાર્શ્વનાથ ભગવાન તમારી જ્ઞાનલક્ષ્મી મને થાઓ.

પરાજિત થયેલો મેઘમાળી ભગવાનનાં ચરણોમાં નમીને અપરાધની ક્ષમાયાચના કરવા લાગ્યો.

પ્રભુ સમિતિયુક્ત થઈને ત્ર્યાંસી રાતદિવસ આત્મભાવનામાં પસાર કર્યા. ચૈત્ર વદ ચોથને દિવસે પ્રભુને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થઈ. ઘાતીકર્મોનો ક્ષય કરી પ્રભુએ કેવળી સ્વરૂપે સિત્તેર વર્ષ શ્રમણ પર્યાયનું પાલન કર્યું.

દેવોએ પ્રભુને કેવળજ્ઞાન થતાં જ મહોત્સવ કર્યો. સમવસરણની રચના કરી. વારાણસી નગરીના લોકો ભગવાનના દર્શનાર્થે આવી પહોંચ્યા. સમવસરણમાં બિરાજમાન તીર્થંકરની શોભા આશ્ચર્યકારી હતી.

ત્યાં દિવ્ય સિંહાસન હોવા છતાં પ્રભુ અંતરીક્ષમાં બિરાજમાન હતા. રત્નજડિત સિંહાસન હોવા છતાં પ્રભુ તેનાથી અલિપ્ત હતા. સિંહાસનની શોભા ભગવાનના પ્રતાપે હતી. દેવોના દુંદુભિ વાજાના નાદ કરતાં પણ પ્રભુનો દિવ્ય ધ્વનિ મધુર હતો. પ્રભુનું મુખમંડળ કેવળજ્ઞાનના તેજથી સૂર્ય-ચંદ્ર કરતાં પણ વધુ પ્રકાશિત લાગતું હતું. પ્રભુની શોભા અવર્ણનીય હતી.

પ્રથમ પ્રવચનમાં જ પ્રભુએ તીર્થની સ્થાપના કરી. લોકોએ શ્રાવકધર્મ અને શ્રમણધર્મનો સ્વીકાર કર્યો. પ્રભુએ ચાતુર્માસ ધર્મનું નિરૂપણ કર્યું. ભગવાન મહાવીરે પાંચ મહાવ્રતરૂપ ધર્મની સ્થાપના કરી છે. પ્રથમ અને અંતિમ તીર્થંકરે પાંચ મહાવ્રત જણાવ્યાં હતાં, જ્યારે બાકીના બાવીસ તીર્થંકરોએ ચાતુર્માસ ધર્મનું પ્રવર્તન કર્યું હતું.

ચાતુર્માસ ધર્મમાં ચાર વ્રત મુખ્યત્વે દર્શાવ્યાં છે – અહિંસા, સત્ય, અસ્તેય અને પરિગ્રહ. તેમાં બ્રહ્મચર્ય વ્રતને અલગ ન બતાવતાં પરિગ્રહવ્રતમાં જ તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી આમ જોવા જઈએ તો ચોવીશે તીર્થંકરોના મૂળભૂત સિદ્ધાંતો સરખા જ છે. મહાવીરે બ્રહ્મચર્ય વ્રતને જુદું ગણી પાંચ વ્રત દર્શાવ્યાં છે.

ભગવાનનો ઉપદેશ અદ્‌ભુત હતો. આત્માનો મહિમા સમજાવીને તેની આરાધનાનો ઉપદેશ ભગવાન દેતા હતા. તેમનો ઉપદેશ ટૂંકમાં જોઈએઃ

❖ જીવ, અજીવ, પુણ્ય-પાપ-આશ્રવ-બંધુ, સંવર-નિર્જરા-મોક્ષ એ નવ તત્ત્વોને જાણવાં જોઈએ.
❖ તે પૈકી શુદ્ધ જીવને તથા સંવર-નિર્જરા-મોક્ષને ગ્રહવા જોઈએ અને બાકીનાં તત્ત્વોને છોડવાં જોઈએ.
❖ આત્માનાં સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્ર વડે મોક્ષ થાય છે. જીવને પાપથી નરક, પુણ્યથી સ્વર્ગ અને રત્નત્રયરૂપ વીતરાગ ધર્મથી મોક્ષ મળે છે.

આવા મોક્ષમાર્ગનો પ્રભુએ ઉપદેશ આપ્યો. જે માર્ગે પોતે મોક્ષ પામ્યા તે જ વીતરાગ માર્ગ જગતને બતાવ્યો. ઘણા જીવો તે માર્ગ સમજીને ધર્મ પામ્યા. કેટલાય જીવો દીક્ષા લઈ મુનિ થયા. કેટલાક જીવો આત્માને સમજીને વ્રતધારી થયા. આમ ચારેકોર ધર્મનો જયજયકાર થયો.

સિત્તેર વર્ષ સુધી પ્રભુએ વિહાર કર્યો અને છેવટે સમતશિખર પર પધાર્યા. અવસર્પિણી કાળનો ચોથો આરો ઘણો વ્યતીત થઈ ગયો હતો. ત્યારે શ્રાવણ સુદ આઠમને દિવસે ધ્યાનમુદ્રામાં પ્રભુ ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી મોક્ષપ્રાપ્તિને પામ્યા. સંસારદશા છોડીને મહાઆનંદરૂપ સિદ્ધ દશાને પ્રાપ્ત કરી સિદ્ધશિલા પર બિરાજમાન થયા.

ઈન્દ્રોએ પ્રભુનો મોક્ષકલ્યાણક ઊજવ્યો. પારસનાથ ભગવાન મોક્ષ પધાર્યા તેથી તે પર્વત પણ પારસનાથ હિલ તરીકે આજે પણ ઓળખાય છે. પર્વતની જે ટૂકથી ભગવાન મોક્ષ પધાર્યા તે પથ્થરની ટૂક પણ 'પારસ'ના સ્પર્શથી 'સુવર્ણ'ની બની ગઈ એટલે તેનું નામ 'સુવણભદ્ર' પડયું.

ગુણ તમારા દેખી પ્રભુજી મનડું મુજ લલચાય છે,
પારસપ્રભુ તુજ ચરણકમળમાં વંદન અપરંપાર છે.

# Required Jain Indian Civil Services Officers

## INDIAN CIVIL SERVICES

### A NOTE

Civil Services offer the most challenging career and working for public welfare is the most demanding one. Anyone with the right aptitude, perseverance, tenacity, commitment and stamina can make it to the Civil Services as career. The career in civil services has no parallel in terms of power, prestige, idealism and the ability to make a change.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતની સૌથી સશક્ત કોમ જૈન રાજકીય રીતે હાંસિયામાં ધકેલાતી જાય છે અને તેથી તેણે ઘણા 'Set Back' ખમવા પડયા છે. કારણ એક જ, જૈનો રાજકીય ક્ષેત્રે કે વહીવટી ક્ષેત્રે ઉદાસીન થતા જાય છે. બીજી કોમ સબળ બનતી જાય છે.

ઉપાય એક જ છે. જૈનોએ હવે આભડછેટ ત્યજી આ ક્ષેત્રમાં પદાર્પણ કરવાની જરૂર છે. તે ક્ષેત્રે પ્રવેશવા માટેની બારી 'Indian Civil Service' છે.

'જાગૃતિ સંદેશ' દ્વારા ઘણી વાર કહેવાયું છે કે આપણાં બાળકોને 'India Civil Service'માં જવા તૈયાર કરો. જો કોઈ જૈન વિદ્યાર્થી તે ફેકલ્ટીમાં જવા તૈયાર થાય તો, જૈન જાગૃતિ સેન્ટર તેનો ભણવાનો અને અભ્યાસ દરમિયાનનો બધો ખર્ચો આપવા કટીબદ્ધ છે.

'Indian Civil Service' વિશે માહિતી આ સાથે પ્રસ્તુત છે. અલબત્ત, ઈંગ્લિશમાં...

Civil Services, the backbone of the Indian government machinery constitutes all departments which run the State administration. A highly competitive and challenging field, it involves variety of jobs in different departments. Compared to private sector jobs this profession has job security. The prestige and power that comes along with these top-notch jobs is a definite reason for anybody to join this profession. The salary, allowances and facilities like healthcare, housing, conveyance etc. also make it a lucrative career.

**GREAT CAREER OPPORTUNITIES FOR EVERYONE**

The Civil Service offers a wide range of job opportunities. Working for the Civil Service is both a challenging and fulfilling career. It encourages people to pursue their career goals, whether this is to move up the career ladder or to change the career dimensions. New opportunities arise constantly and a person pursuing this career, have the flexibility to develop his/her own career path.

**WHAT'S CIVIL SERVICE?**

The primary goal of Civil Service is to provide services to the public. The way to serve public is constantly evolving. It involves working with the government to create and implement new policies and services, dealing directly with the public.

**FOR WHOM?**

Opportunities in the Civil Services are extremely diverse. It's ranging from policing, collection of taxes, administration, maintenance of law and order, foreign policy etc. In fact, which ever may be the area of one's expertise, there is a Civil Service job of interest to you acquiring your skills and specialisation.

**DETAILS ABOUT CIVIL SERVICE EXAMINATION**

**A) Eligibility Criteria**

**Minimum Qualification :** Graduate in any discipline (Like : B.A., B.Sc. B.Com., B.E./ B.Tech, MBBS, B. Pharma etc.)

**Age Limit :** 21-30 years as on 1st August of the year of examination

**Attempts :** Maximum 4 Attempts

**B) Exams conducted by UPSC**

The notification for the following exams is circulated by UPSC every year in the month of December and after this, preliminary Exams are conducted on second/third Sunday in the month of May every year.

1) IAS (Indian Administrative Service)
2) IFS (Indian Foreign Service)
3) IPS (Indian Police Service)
4) IRS (Indian Revenue Service)
5) Indian Forest Service
6) IC & ES (Indian Customs & Excise Services)
7) IAAS (Indian Audit and Accounts Services)
8) DAS (Defence Accounts Service)
9) IRTS (Indian Railways Traffic Service)
10) IRPS (Indian Railways Personnel Services)
11) IRAS (Indian Railway Accounts Services)

12) Indian Postal Services
13) Indian Ordinance Factories Services (Group A & B)
14) Delhi-Andaman-Nicobar Islands Police Service-Group B
15) Delhi-Andaman-Nicobar Islands Civil Service-Group B

**Note : There are some additional exams conducted or sometimes some exams are excluded**

**Methodology of Examinations**

These exams are conducted/completed in three phases.

**a) Preliminary Examinations**

These Exams are held on $2^{nd}$ & $3^{rd}$ Sunday's in the month of May every year. It consists of 2 subjects (1) General Studies (2) Optional Subject (like Geography, Commerce, Public Administration, Political Science, Sociology, Psychology, Mathematics, Statistics etc). The Question Papers are of Objective type. General studies Paper consists of 150 Questions and Optional Subjects (Any one mentioned above) paper consists of 120 Questions and the duration for both papers is 2 hours.

**b) Main Examinations**

Main Examination is held in the month of October/November every year. Approximately 12 to 15 times the number of total vacancies are qualified for the Main Examinations. The Main Exam Papers are of descriptive type and the Subjects / Papers for the Main Exam are as follows.

| | | |
|---|---|---|
| 1) | General Studies - (Paper 1 & 2) | 600 marks |
| 2) | Optional Subject-1 (Paper 1 & 2) | 600 marks |
| 3) | Optional Subejct-2 (Paper 1 & 2) | 600 marks |
| 4) | Essay writing | 200 Marks |
| 5) | English, Hindi & Regional Language | Qualifying nature |

Duration for each paper is 3 hours.

**General Studies :** The paper of General Studies is based on the portions covered for NCERT level of $11^{th}$ & $12^{th}$ class syllabus of subjects like History, Economics, Political Science, Science & Technology and statistics etc. Besides this, the paper of General studies covers all the current topics.

**Essay Writing :** There is an option of 5 topics for Essay writing from which, you have to attempt anyone. The topics are generally related to Current issues and Social awareness.

**Optional Subjects :-** The papers of optional subjects are based on the syllabus of graduate level. There are 2 question papers and each question paper consists of 5 Questions of 60 marks each. The answers are of descriptive type and so are very lengthy, therefore writing speed and Answer Writing Skills has to be improved drastically.

**C) Interviews & Personality Test**

Two to three times of the total vacancies students are short listed amongst those have passed the main examinations for the interviews & Personality Test.

Interview of the candidate is not only a test of general knowledge; it is to test the Personality, confidence, decision making ability, Moral Values and the Vision. It is based on the candidate's Bio-data already submitted. The final selection is done on the basis of the combination of the marks of Main Exams and the results of the Interview.

**OBSERVATION**

It is observed that the percentage of success is above 70% in Arts subjects. Even if, the candidates have come from the background of Science, Engineering, Medical, MBA.

Almost all the candidates take the support of Coaching Classes for preparations. It is observed that if the student has chosen the same subject as that of his Graduation then the Coaching Classes are not of much importance to him. However if they have chosen a different subject, then coaching classes become more beneficial. It is also observed that opting for coaching classes for General Studies would save lot of time for any background of the subjects.

Even if the result of $10^{th}$, $12^{th}$ or even at Graduation level is not satisfactory, the candidate should not get disheartened and loose confidence. If you put your efforts in the right direction and study with total dedication and perseverance for at least two years, you could succeed in Civil Service Examinations.

**IMPORTANT NOTE :**

The Pattern of Examinations conducted by UPSC and State PSC is the same. Although everyone aspires to be an IAS, which is the highest rank amongst examinations conducted by UPSC, but the practical reality is that only 0.002% of the students appearing are selected for IAS. This is because there are only about 50 vacancies for IAS officers which are is very low.

It is observed that the students normally think that PSC is not as renowned as UPSC, but in reality it has its own benefits like:

**a) You can Achieve the highly recognized post in the state Government.**

**b) You would be getting distinctive advantage of posting in your own state.**

**c) No hassles of any transfers from one state to another unfamiliar states, like in UPSC.**

**d) An opportunity to develop and serve the people of your own state, which would be more satisfying.**

The selection in to IAS by UPSC is done by direct recruitment but 50% of IAS vacancies are filled up from State PSC revenue service's quota and to some extent from other state civil services. That is PSC, is a definite route to realize the dream of becoming officers. Normally Deputy collectors are eligible before UPSC selection board once they put in minimum 8 years of services. In practice however it takes 12 years and they will definitely become IAS after 12th year.

Furthermore, IAS is not itself an examination, it is a post to be filled by UPSC, along with other All India Class I services. Therefore, UPSC has to fill up vacancies in other services, which are divided into different groups like IPS, IRS, IFS etc.

As such the student should not confine only to make his career in Indian Administrative services but should broaden his mind and horizon by giving equal value to various streams of Public Service examinations for which are conducted by UPSC and PSCs.

**CONTRIBUTION OF JAINS**

Historically, many Jains were rulers of their empire and they have also been at the forefront in delivering of public and administrative services under various rulers and dynasties all over the country.

It is absolute truth that Jain Philosophy and principles of peace, non-violence, compassion, co-existence, value based education and equanimity supports and enhances the economic, social and moral development of the society and the nation.

In today's scenario, accessible, transparent and high quality effective and honest Governance is imperative for Nation's economic empowerment and moral development.

Jains are well-known for their dedication, honesty, morality and hard work. The contribution of Jains in administrative services of the country will definitely play an effective role in overall development of the Nation, States and Society.

Public Administrative Services offer great opportunities for serving the community and the society at large with self development. One of the main objectives of **JJC** is to prepare and train more and more Jains for participation in Indian Civil Services for upliftment of nation through efficient and effective governance.

**"JJC"** wishes to facilitate and strengthen the process of preparing Jain youth for joining Public Services to achieve economic, social and political empowerment for the nation and entire Jain community and JJC is determined for the same.

**An Administrative Officer is blessed with the following benefits for self and nation at large:-**

- **Service to Nation through Honorable and reputed designated posts in the government.**
- **Global links.**
- **Contribution to trade, technology and industries.**
- **Involvement with good, clean, efficient and effective governance.**
- **Progress of Jain community.**

**APPEAL OF JAIN STUDENTS**

Bright and brilliant students having a track record of academics, willing to work hard determined for sure success in civil service exams and wish to make a career in the Government services as administrators, are most welcome to join **JJC. JJC** invites all such bright Jain graduates to come forward and be a part of the development and progress of the Jain community and nation at large.

# વ્યાખ્યાનમાળાઓ સાત્ત્વિક ચિંતનની આબોહવા સર્જી શકે

■ ગુણવંત બરવાળિયા

**પર્યુષણ પર્વ આવી રહ્યાં છે ત્યારે અનેક સામાજિક-ધાર્મિક સંસ્થાઓ વ્યાખ્યાનમાળાઓનું આયોજન કરશે. પર્યુષણ પર્વમાં યોજાતી વ્યાખ્યાનમાળાઓ સાત્ત્વિક ચિંતનની આબોહવા કઈ રીતે સર્જી શકે એ વાંચો પ્રખર સાહિત્યકાર શ્રી ગુણવંત બરવાળિયાની કલમે...**

વાણી એ મા સરસ્વતીનું વરદાન છે. વક્તૃત્વશક્તિ એક શસ્ત્ર છે. ભદ્ર સમાજના સંસ્કારીજનો એનો ઉપયોગ કરે તો એ ધર્મ, સમાજ અને રાષ્ટ્રને માટે કલ્યાણકારી બનશે અને વિકૃતના હાથમાં મહાવિનાશ!

જૈન દર્શન મૌનને મહત્ત્વ આપે છે. તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી મૌનસાધના કરતા. મૌનસાધના પછી પ્રગટતી વાણી મંત્ર બનીને અનેકની તારણહાર બની જતી. આ તો સાધક આત્માઓની વાત થઈ. સમાજના સાંપ્રત પ્રવાહે અભિવ્યક્તિ માટે દરેક ક્ષેત્રમાં વક્તૃત્વશક્તિ આવશ્યક છે. ઇતિહાસ સાક્ષી છે કે વાણી દ્વારા દરેક ક્ષેત્રે ક્રાંતિ થઈ છે.

પર્યુષણ પર્વની પરંપરાગત ઉજવણીમાં કર્મકાંડ અને આરંભ-સમારંભનું પ્રાધાન્ય વધ્યું ત્યારે પંડિત સુખલાલજીએ સમ્યક્જ્ઞાનના પ્રચાર અને જૈનદર્શનને વ્યાપકરૂપમાં જનસમાજમાં પ્રચલિત કરવા વ્યાખ્યાનમાળા પ્રવૃત્તિની પ્રેરણા આપી. સ્વ. પરમાણંદ કાપડિયા અને સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહે મુંબઈમાં પ્રવૃત્તિનાં મંડાણ કર્યાં. વર્તમાન સમયમાં ગુજરાત, મુંબઈ અને અન્ય મોટાં શહેરોમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાઓનું મોટા પ્રમાણમાં આયોજન થતું હોય છે. આવી વ્યાખ્યાનમાળાઓનું આયોજન કરતી વખતે કેટલાક લક્ષમાં લેવા જેવા મહત્ત્વના મુદ્દાઓની આપણે ચર્ચા કરીશું.

પર્યુષણ પર્વ, સંતોની નિશ્રામાં જપ-તપ, દાન અને શિયળભાવમાં રહી આત્મકલ્યાણની સાધના કરવાનો પર્વસમૂહ છે. ધર્મસ્થાનકોમાં બિરાજમાન સંતોનાં દર્શનશ્રવણને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઈએ. વ્યાખ્યાનમાળાના સમયનું એવી રીતે આયોજન કરવું જોઈએ કે ઉપાશ્રયોમાં થતાં વ્યાખ્યાન, વાંચણી તથા પ્રતિક્રમણના સમયને ખલેલ ન પહોંચે.

સમર્થ વક્તા કે વિદ્વાન પંડિત, પંચમહાવ્રતધારી સાધુ-સંતોનો વિકલ્પ બની શકે નહીં. ધર્મસ્થાનકોમાં તેઓશ્રીની નિશ્રામાં જપ-તપ થવાને કારણે ત્યાંના ઉચ્ચ પવિત્ર પરમાણુ (વાઈબ્રેશન્સ) અને પૂજ્ય મહારાજ, મહાસતીજીના ઉત્કૃષ્ટ ચારિત્રપાલનને કારણે તેઓનાં પ્રવચનની ઊંડી, પ્રભાવક અને લાંબા ગાળાની અસર પડે છે.

જૈન ધર્મ પ્રચાર કરતાં આચરણના પ્રભાવને પ્રાધાન્ય આપે છે. તેથી સાધકોની સામાચારીને કારણે ગુરુ-ભગવંતોને ક્ષેત્રકાળની મર્યાદાઓ હોય છે. વળી કેટલાંક ઉપકરણોનો ઉપયોગ પણ ન કરી શકે તેથી આવી વ્યાખ્યાનશ્રેણીઓમાં સાધુ-સાધ્વીજીઓનો ખૂબ ઓછો લાભ મળી શકે છે. અત્યારે એક એવો પણ વર્ગ છે જેમાં યુવાનો વિશેષ કે જે ઉપાશ્રયો અને દેરાસરોની ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ લેતા નથી અને ધાર્મિક શિક્ષણ પણ લેતા નથી, તેનાં ઘણાં કારણો છે. તે ચર્ચાને અહીં અવકાશ નથી. તે વર્ગમાં ધર્મની રુચિ જાગૃત કરવા વ્યાખ્યાનમાળા ઉપયોગી થઈ શકે.

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એવા જ વક્તાઓને વક્તવ્ય માટે આમંત્રણ આપવું જોઈએ કે જે જૈન ધર્મ, ભારતીય દર્શનો અને સંસ્કૃતિના ઊંડા અભ્યાસી હોય તો જ તે વ્યાખ્યાનમાળાને ગૌરવ કે ગરિમા અપાવી શકે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાના વિષયો માત્ર ધાર્મિક, આધ્યાત્મિક કે શુષ્ક જ્ઞાનને લગતા જ રાખવા એવું કહેવાનો આશય નથી, પરંતુ કુટુંબ, સમાજ, વિજ્ઞાન, શિક્ષણ કે જીવનશૈલીને લગતા વિષયો પણ ધર્મના સંદર્ભે ચર્ચાય તો જ ઉપકારી બની શકે, કારણકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ભારતીય સંકૃતિના મુખ્ય પાયા છે.

ધર્મશાસ્ત્રો અને કથાનકોમાં આવતી ચમત્કારિક વાતો શ્રદ્ધાની દૃષ્ટિએ અને વૈજ્ઞાનિક રીતે સાચી હોય છે, પરંતુ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી આ વાતો નહિ સમજાવીએ તો એકવીસમી સદીના જિનેટિક સાયન્સ, કૉમ્પ્યુટર, મેડિકલ અને સ્પેસ ટેક્નૉલૉજી જેવો ઉચ્ચ અભ્યાસ કરતાં યુવક-યુવતીઓ જલદીથી તે સ્વીકારી નહીં શકે. તેને તો આ વાતો માત્ર દંતકથા કે અંધશ્રદ્ધા લાગશે. તેમને ધર્મની દલીલો અતાર્કિક, કપોળકલ્પિત કે અસત્યમૂલક લાગશે. તેમને તો માત્ર મેડિટેશન અને આહારની વાતો સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક અને પર્યાવરણના સંદર્ભ આપી સમજાવવી પડશે. સદાચાર કે જીવનમૂલ્યોનું સ્વકીય તથા વાસ્તવિક મૂલ્ય જ

યુવાનો કે બાળકોનાં ચિત્તમાં પ્રગટાવવું જોઈએ, તો સહજતાથી વાત ગળે ઊતરી જશે. વૈજ્ઞાનિક અભિગમયુક્ત શિક્ષણનો આ પ્રયોગસિદ્ધ સિદ્ધાંત છે. વિદ્વાન વક્તાઓ, છેલ્લાં વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સંશોધનો આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા સમજાવી શકે.

પ્રવચનશ્રેણીમાં સ્ટેજની સજાવટ, માઈક અને લાઈટની ઉત્તમ વ્યવસ્થા, વિશાળ ઑડિટોરિયમ, શ્રોતાઓને સંમોહિત કરે તેવું મંત્રમુગ્ધ વક્તવ્ય, હાવભાવ, શૈલી, આરોહઅવરોહ અને આદર્શ વક્તાનું ઉપનિષદ અપનાવ્યું હોય તેવા વક્તા એ વ્યાખ્યાનમાળાની ભવ્યતા છે, પરંતુ વક્તાનાં આચરણ અને ચારિત્રમાંથી પરાવર્તિત થયેલી વૈચારિક સમૃદ્ધિ, વિચારતત્ત્વનું ઊંડાણ અને મૌલિક તત્ત્વચિંતન વાણીની દિવ્યતા છે અને દિવ્યતા જ શ્રોતાઓનું કલ્યાણ કરી શકે.

વ્યાખ્યાનશ્રેણીઓમાં સપાટી પરની વાતો કહી મનોરંજન કરતા વક્તાઓ વર્તમાન સમયના પ્રવાહમાં કદાચ લોકપ્રિય બની શકે, પરંતુ કાળની કસોટી સામે વિચારતત્ત્વનું ઊંડાણ અને મૌલિકતા જ ટકી શકે. આવા આદર્શ વક્તાઓ દ્વારા જ વ્યાખ્યાનમાળા સાત્ત્વિક ચિંતનની આબોહવા સર્જી શકે.

સમર્થ વક્તાઓ પાસેથી ધર્મની વૈજ્ઞાનિક વાતો સાંભળી, યથાર્થપર્યાય તત્ત્વો રુચિપૂર્ણ રીતે સમજી અને યુવાવર્ગ સંતોના સાન્નિધ્યે જતો થશે તો આપણા મુનિભગવંતો પાસે તો જબરદસ્ત તાકાત છે કે તે, તેઓને સંભાળી લેશે. વિષયના ઊંડાણમાં ગયેલા વક્તાઓ સ્વતંત્ર અને ન્યાયયુક્ત રીતે સંસ્કૃતિ અને ધર્મનાં રહસ્યો સચોટ રીતે સમજાવે તો તે યુવાનો અને માત્ર પાશ્ચાત્ય જીવશૈલીની અસર નીચે જીવતા લોકોને ધર્માભિમુખ કરવાની પૂર્વભૂમિકા પૂરી પાડશે અને શ્રોતાઓમાં ગુરુ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવશે.

મુંબઈમાં જૈન જાગૃતિનાં સેંટરો વિવિધ વિષય પર, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ માત્ર જૈન તત્ત્વજ્ઞાન પર પ્રવચનમાળાઓ યોજે છે. શ્રી જૈન યુવક સંઘ, માટુંગાની શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વ્યાખ્યાનમાળા, ઘાટકોપરની શ્રી કાઠિયાવાડ સ્થા. જૈન સમાજની વ્યાખ્યાનમાળાઓ ખૂબ જ લોકપ્રિય બની છે. મુંબઈની અનેક ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓની પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ માનવીના ચારિત્રનિર્માણમાં પોતાનો ફાળો આપી રહી છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાઓને જાગૃત સંયોજકો, સુરુચિપૂર્ણ કરી ગૌરવવંતી બનાવી, નવી ચેતના પ્રગટાવશે એવી અભ્યર્થના.

## ખુશામત

આ જગતમાં મીઠું બોલનારા ઘણા છે. મર્યાદામાં મીઠું બોલવું આવકાર્ય છે, પરંતુ ખુશામત માટે મીઠું બોલનારા ખતરનાક છે. તમે થોડા ધનિક હો, કે સત્તાવાળા હો, મોટા હોદ્દા પર હો ત્યારે તમારી આજુબાજુ મધમાખીની જેમ મીઠું બોલનારા, તેમનો સ્વાર્થ સાધવા બણબણ્યા કરશે. આપણને સૌને વખાણ સાંભળવા ખૂબ જ ગમે છે અને તે કુદરતી છે, પણ કોઈ વધુપડતાં વખાણ કરે ત્યારે ચેતવા જેવું છે, કારણકે વધુપડતી પ્રશંસા પતનને નોતરે છે અને એટલે જ નેપોલિયને આ વાત આ પ્રમાણે કહેલી, He who knows how to flatter, also knows how to slender. એટલે કે જે અતિખુશામત કરે છે, એવા માણસો સ્વાર્થ સરી જાય ત્યારે તમને બદનામ કરવામાં પહેલા હોય છે. ખુશામત એ નકલી સિક્કો છે. એ લાંબો સમય બજારમાં ચાલતો નથી. નેપોલિયને ચેતવ્યા છે કે તમારી સામે મીઠું બોલનારા (ખુશામત કરનારા) ક્યારે ડંખ મારશે એ ન કહેવાય. એકધારી પ્રશંસા માણસને બગાડે છે. જ્યારે લોકો તમને પ્રશંસાથી ઘેરી લે ત્યારે ખાસ ગભરાવા જેવું છે-ચેતવા જેવું છે. નાના બાળકના સ્વાસ્થ્ય માટે 'કડવાટ' જરૂરી છે તેમ આપણી ક્યારેકક્યારેક ટીકા થાય એ જરૂરી છે.

*પ્રેષક : ઉદય સંઘવી (જેજેસી-બીચ સાઈડ)*


વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંટણનો દુખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવું • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બ્રુંહાગ ઈન્સ્ટ્રુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234

# પિરામિડ વાસ્તુ

■ શ્રીમતી મીનાક્ષી શેઠ (પિરામિડ વાસ્તુ એક્સપર્ટ)

**ભાગ-૪**

વાસ્તુશાસ્ત્ર જેનો શાબ્દિક અર્થ 'ઈમારતનું વિજ્ઞાન' છે જે આપણે જાણીએ છીએ, પણ વાસ્તુ એ કેવળ ગણતરીઓ અને ભૌતિક પરિમાણો નથી. તે ભારતીય તત્ત્વજ્ઞાન, ધર્મ અને કૉસ્મિક ઊર્જા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. તે મનુષ્યની સૂક્ષ્મ રીતે રચાયેલ પરિસ્થિતિ છે, જે ૯ ગ્રહો (Planets) ૧૨ રાશિઓ (Sunsigns), ૧૨ ગ્રહો (Houses) અને ૨૭ નક્ષત્રો (Constellations) ફેરફાર અને જોડાણ સાથે સંપર્ક રાખે છે. વાસ્તુશાસ્ત્ર ભારતમાં વિકાસ પામેલ યુગોપુરાણું સ્થાપત્યકલાનું વિજ્ઞાન છે. તે એક 'વેદાંગ' છે, જે 'સ્થાપત્ય વેદ'ની શાખા છે. સ્થાપત્યવેદ યજુર્વેદનો જ એક ભાગ છે. આ રીતે વાસ્તુ આપણા મહાન સંતો અને ઋષિમુનિઓ દ્વારા શોધાયેલ વિજ્ઞાન છે જે માનવજીવોને વધારે સુખી અને સમૃદ્ધ જીવન તરફ દોરી જાય છે.

મત્સ્યપુરાણની કથા પ્રમાણે, વાસ્તુપુરુષનું સર્જન ભગવાન શિવના પરસેવાના એક ટીપામાંથી થયું છે. વાસ્તુપુરુષ ક્રૂર, કમકમાટી ઉપજાવે તેવો ભીષણ હતો અને તેના માર્ગમાં આવતા તમામને ગળી જતો હતો. ભગવાન શિવ દ્વારા તેને ત્રિભુવનમાંથી કોઈ પણ આહાર આરોગી શકે તેવું વરદાન પ્રાપ્ત થયું હતું, આથી બધા જ દેવોમાં ગભરાટની લાગણી ફેલાઈ ગઈ હતી. તે સોએ ભેગા થઈ વાસ્તુપુરુષને પકડયો અને તેને જમીન સમક્ષ ઉત્તર-પૂર્વમાં મસ્તક અને દક્ષિણ-પશ્ચિમમાં પણ હોય તેવી રીતે ફંગોળ્યો. ૧૩ દેવોએ તેને શરીરમાંથી અને ૩૨ દેવોએ શરીરના બહારના ભાગોમાંથી તેને પકડયો હતો.

**બ્રહ્મસ્થળનું મહત્ત્વ :** બ્રહ્મસ્થળ એ ચોરસ પ્લૉટનું કેન્દ્ર છે. કોઈ પણ પદાર્થ કે સ્થાનનું કેન્દ્ર ખૂબ જ અગત્યનું છે. કોષનો કેન્દ્રીય ભાગ, ઉચ્ચાલકનું આધારબિંદુ વગેરે મહત્ત્વનાં કેન્દ્રબિંદુઓનાં સ્થાનોનાં જીવંત પ્રમાણો છે. જ્યારે કોઈ એક મકાન કે અન્ય કોઈ ઈમારતનું બાંધકામ કરાય ત્યારે વાસ્તુમાં બ્રહ્મસ્થળ માટે જ મહત્ત્વનો ભાગ ગણાયો છે. કેન્દ્રની આરપાર પસાર થતી ઊર્જારેખાઓ પણ એટલી જ અગત્યની છે. પ્રાચીન સમયમાં મહત્ત્વ ખૂબ જાણતા હતા અને તેથી મંદિરો, દેવો, યોગાનો, પવિત્ર તુલસીના છોડવાઓ વગેરેનું ગામ-મકાન અથવા મહેલોના કેન્દ્રમાં સ્થાપન કરાતું હતું. રોજ સવારે કેન્દ્રને ઊર્જિત કરવા માટે તુલસીની પૂજાસ્થાપના કરાય છે. આ કેન્દ્રીય ભાગ કે બ્રહ્મસ્થળનું વાસ્તુમંડળના ૮૧ ગ્રીડ પ્લાનના કેન્દ્રીય નવ ચોરસમાં સ્થાપન કરાય છે. તેનું સ્થાપન વાસ્તુપુરુષની નાભિની આસપાસ જ કરાય છે.




વાસ્તુમાં એવું મનાય છે કે ખીલાઓ, સ્થંભો, ખૂંટીઓ કે ભારે પદાર્થો લગાવતાં જો બ્રહ્મસ્થળ ઈજા પામે તો માલિક મુસીબત કે આપત્તિમાં આવી જતો હોય છે. માટે બ્રહ્મસ્થળ, ઈમારતના મહત્ત્વના ભાગોમાંનો એક હોવાને કારણે જ એનું રક્ષણ કરવું પણ એટલું જરૂરી છે.

વાસ્તુશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો પર એક નજર નાખવા જેવી છે. વાસ્તુશાસ્ત્રના પાયાનો સિદ્ધાંત માણસને કુદરતની નજીક રાખવાનો છે. આજની અનેક સમસ્યાઓને કારણે માનવી પ્રકૃતિના નિયમો સાથે સુસંગત રહીને જીવતા શીખવે છે. પૃથ્વી પર સૂર્યનો પ્રકાશ, ગરમી, પવનની દિશા અને તીવ્રતા, પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર તથા અવકાશી પદાર્થોની પૃથ્વી પર થતી અસરો જેવી વિવિધ બાબતોને ધ્યાનમાં રાખીને વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો રચાયા છે. આપણું અસ્તિત્વ પંચમહાભૂતોનું એટલે કે જળ, અગ્નિ, વાયુ, આકાશ તથા પૃથ્વીનું બનેલું છે. વાસ્તુશાસ્ત્ર માનવીને આ પંચમહાભૂતો સાથે સાકાર થઈને જીવતા શીખવે છે. પંચમહાભૂતો સાથે સુસંગત એ એકરાગ થઈને જીવતા શીખવે છે. પંચમહાભૂતો સાથે સુસંગત અને એકરાગ થઈને જીવાતા જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ, વૈભવ, આરોગ્ય અને ઐશ્વર્ય જોવા મળે છે.

વધુ માહિતી માટે સંપર્ક
મો.નં.: ૯૩૨૦૨૭૭૬૫૫



# ‘કોણ કોને ઠગે છે’

■ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

એક ગામડાનો ભોળો દેખાતો માણસ શહેરમાં ઘી વેચવા આવ્યો. બજારમાં દાગીનાની દુકાનના શોકેસમાં મૂકેલા દાગીના જોઈ એને પોતાની પત્ની માટે એક સોનાનો હાર લેવાનું મન થયું. દુકાનના માલિક પાસે એણે હાર માટે માગણી કરી. શેઠે હારની કિંમત કહી ત્યારે ગામડિયાએ કહ્યું કે, ‘‘મારી પાસે પૈસા તો નથી, પણ એકદમ તાજું સરસ ઘી છે.’’ માટલું ખોલી એણે ઘી બતાડ્યું તો ઘીની સોડમથી દુકાન મઘમઘી ઉઠી.

શેઠે મનોમન હિસાબ કરી હારની બદલીમાં ઘી લઈ લીધું.

ગામડિયો હરખાતો હરખાતો હાર લઈ ઘરે ગયો. ઘરે આવીને પત્નીને કહ્યું, ‘આજે તો મેં શહેરના ચાલાક શેઠને મૂર્ખ બનાવ્યો. માટલામાં ઉપર તો સારું-થીજેલું-અસલી ઘી હતું, પણ નીચે તો અત્યંત હલકું નકલી ઘી હતું. એના બદલામાં આ સાચા સોનાનો હાર લઈ આવ્યો છું.’

પત્નીએ કહ્યું, ‘હરખાજો પછી, પહેલાં આપણા ગામના સોની પાસે હારની કિંમત તો કરાવી લાવો.’ સોનીએ હારની પરખ કરીને કહ્યું કે, ‘આ તો નકલી સોનું છે. પિત્તળ પર સોનાનો ઢોળ છે. તું તો ઠગાઈ ગયો.’

આ બાજુ શેઠે હરખભેર શેઠાણીને કહ્યું કે, ‘ભગવાન કેવો દયાળુ છે! સવારના પહોરમાં એક અબુધ ગામડિયાને મારી પાસે મોકલી આપ્યો. એની પાસેથી અસલી તાજું ઘી લઈને નકલી સોનાનો હાર પહેરાવી દીધો. હવે આખું વર્ષ સારામાં સારું ઘી ખાવાની મજા પડશે.’ શેઠાણી માટલામાંથી ઘી કાઢી ઘીના ઠામમાં કાઢવા ગયાં તો ખબર પડી કે ઉપર તો થોડુંક જ તાજું ઘી હતું. નીચે તો નકલી હલકું ઘી હતું.

નકલી ઘીની બદલીમાં નકલી સોનાનો હાર! કોણ કોને ઠગે છે? ખરેખર તો કોઈ કોઈને ઠગતું નથી. આ તો બધી આત્મવંચના છે. બીજાને ઠગવાનો વિચાર માત્ર ખરેખર તો પોતાની જાતને છેતરવા બરાબર છે.

### જેવા સાથે તેવા

આ તો પેલા જેવી વાત થઈ. ગામડેથી આવેલો એક ‘સ્માર્ટ’ માણસ શહેરમાં દુકાનદારને એક સિત્તેર રૂપિયાની નોટ આપી કહે કે છૂટા આપો ને. દુકાનદારે રૂ. સાત-સાતની દશ નોટ આપી. પેલો ‘સ્માર્ટ’ કહે કે મેં ક્યારેય સાત રૂપિયાની નોટ જોઈ નથી ત્યારે દુકાનદારે કહ્યું કે મેં પણ સિત્તેર રૂપિયાની નોટ પહેલી વાર જોઈ.

**ટૂંક સાર** : ગામડાથી આવેલા માણસો હવે અબુધ રહ્યા નથી, પણ Over Smart થતા જાય છે અને શહેરના માણસો?

— *તંત્રી*

# હું હવે થાકી ગયો છું માણસોથી

**ધર્મની ઋતુ આવી ગઈ. થોકબંધ ધાર્મિક તહેવારો આવી રહ્યા છે. ધર્મસ્થાનકો આસ્થાળુથી ઊભરાઈ જશે. ત્યારે કોઈએ વિચાર્યું કે ભગવાનની શું હાલત થતી હશે? એક શ્રદ્ધાળુએ તેમની વ્યથા શબ્દોમાં મૂકી છે. આપણે વાંચીએ...**

રાત ને દિવસ સતત એ કંઈ ને કંઈ માગ્યા કરે... બંધ આંખે, હાથ જોડે, શિશ ઝુકાવે, ઘૂંટણિયાભેર થઈ જઈને પગે લાગ્યા કરે... ધૂપ ને દીવા કરે, પૂજન કરે, અર્ચન કરે છે ને કથાકીર્તન, હવન હોળી કરે, મારી સર્જેલી બધી વસ્તુઓથી લલચાવે... મને ફળફૂલ, નૈવેદ ને શ્રીફળ ધરે... માગણીની રોજ માળા ફેરવે, મણકા ગણે ને કોથળીમાં હાથ સંતાડ્યા કરે... **હું હવે થાકી ગયો છું માણસોથી...**

આ સકળ બ્રહ્માંડ ચૌદે લોકમાં નિવાસ મારો છે ધરા, પાતાળ ને આકાશમાં... તોપણ મને પૂરે છે મંદિર-મસ્જિદોની જેલમાં, છું હું ઘણા યુગોથી કારાવાસમાં... હું એક ઊર્જારૂપ છું, પણ સૌ અલગ નામે, અલગ રૂપે હજારો ધર્મને સ્થાપ્યા કરે... **હું હવે થાકી ગયો છું માણસોથી...**

માણસો સર્જીને કીધી ભૂલ મેં, આજે જુઓ એ મૂર્તિઓ મારી જ સર્જે છે અને હવે એ ડુબાડે છે, વિસર્જન પણ કરે છે, ઉત્સવોના નામે સતત ઘોંઘાટ ગર્જે છે હવે... રોડ પર કાઢીને શોભાયાત્રા, ડિસ્કો ને ડીજે, તાલમાં જાહેરમાં નાચ્યા કરે... **હું હવે થાકી ગયો છું માણસોથી...**

માગણી છે ઍડ્મિશન ને પરીક્ષામાં ટકા ને નોકરી-ધંધો... સગાઈ ને સીમંત... બંગલો ને કાર, સિદ્ધિ-સંપત્તિ ને રોગમુક્તિ...એવી અઢળક માગણીઓ છે અનંત... એ મંત્રેલા દોરા-ધાગાઓ અને તાવીજ બાંધી કાયમ માનતા-માન્યતા કરે મને છોડી વળી બીજા કુદેવતાની!!! આ તે કેવો અન્યાય... **હું હવે થાકી ગયો છું માણસોથી...**

*પ્રેષક : કિશોર એન. શાહ*

# જૈનોમાં ઉચ્ચ અભ્યાસ શા માટે?

■ ચંદ્રકાંત પટેલ (ઍડવોકેટ-રાજકોટ)

### ભાગ-૨

દરેક જૈન વેપારી, ઉદ્યોગપતિ, વ્યાવસાયિક વ્યક્તિઓએ તેમનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવું જરૂરી એટલા માટે બન્યું છે કે તેમના પોતાના ધંધામાં પણ સમય સાથે બજારમાં હરીફાઈમાં ટકવા માટે બીજા કરતાં કંઈક અલગ પ્રકારની તમારી બ્રાન્ડ બને તે હેતુથી તે દિશામાં પણ ઉચ્ચ શિક્ષણ જરૂરી છે. ઉદ્યોગપતિઓ અથવા નાના ઉદ્યોગકારો તેમનાં સંતાનોને તે જે ઉદ્યોગ કરે છે તે જ ઉદ્યોગમાં ઉચ્ચ શિક્ષણ આપી તેમના ધંધામાં સામેલ કરે તો તેમના ધંધાને સમય સાથે બદલાવ મળશે, નવી ટેકનૉલૉજી મળશે, નવા આઈડિયા મળશે, નવા વિચારો મળશે અને ઉદ્યોગ-ધંધામાં આગળ નીકળવાના પ્રયત્ન કરશે.

તે જ રીતે તમો જો વેપારી હો અને તમારાં સંતાનને તમારે ધંધામાં સાથે સામેલ કરવા હોય તોપણ તે વેપારમાં નીચી કોસ્ટિંગે ખર્ચ કેમ કરવો? કોઈ પણ ચીજવસ્તુઓની પડતર કેમ નીચી લઈ આવવી? અને નીચી પડતરે ક્વૉલિટી બીજા સમકક્ષ હરીફો કરતાં સારી કેવી રીતે બનાવવી? જો તમારાં સંતાન ઉચ્ચ શિક્ષણનો ઉપયોગ કરી તે વ્યવસાયમાં આગળ વધશે તો તે ચોક્કસપણે વ્યવસાય ખૂબ જ સારી રીતે આગળ લઈ જઈ શકશે.

કોઈ પણ જૈન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે, તેમના સંતાનને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સાથેસાથે અન્ય તેને લગતા કોર્સમાં પારંગતતા અપાવે તો તે લાઈનમાં તે તેમની સારી નામના ઊભી કરી શકશે.

દરેક વ્યવસાયમાં સુપર સ્પેશિયાલિટીએ સ્થાન લીધેલ છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ટ્રસ્ટ, કૉ. ઑપ. સોસાયટીના ઓડિટકર્તા હતા તે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આજે ઓડિટ, ઈન્કમટૅક્સ, ઈન્વેસ્ટમેન્ટ પ્લાન, કૉમનમૅન સિસ્ટમ ઓડિટ જેવી પારંગતતા મેળવે તો તેઓને મલ્ટિનેશનલ કંપનીઓમાં ખૂબ જ સારી તકો રહેલી છે અને તે મેળવવા માટે પણ ઉચ્ચ શિક્ષણ-ઉચ્ચ અભ્યાસ જરૂરી છે.

તે જ રીતે ઍડ્વોકેટના દીકરાઓ પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ કોર્સ કરે તો તેના વ્યવસાયમાં તેને ખૂબ જ ઉપયોગી થઈ પડે છે. ઉદ્યોગમાં તમો જો ઉત્પાદન કરતા હો તે વિષયમાં તમારું સંતાન એન્જિનિયર કે બીએસસી, એમએસસી થાય તો તેના કારણે તેનો લાભ તમારા ઉદ્યોગને મળતો થાય છે.

જૈન સમાજ જન્મજાત બુદ્ધિશાળી ગણાય છે અને તે જે કરે છે તેને જગત અનુસરે છે. આથી કંઈક નવી વસ્તુ સમાજને આપવા માટે આપણા સમાજનાં સંતાનોએ નવો ચીલો પાડવો રહ્યો અને તે ચીલો પાડવા માટે ઉચ્ચ શિક્ષણ ખૂબ જ જરૂરી બન્યું છે. જે જૈન સમાજ મધ્યમવર્ગી છે અથવા તો નિમ્ન સ્તરમાં જીવે છે તેમનાં સંતાનો માટે તો ઉચ્ચ શિક્ષણ ઉદ્ધારનો રસ્તો છે અને મધ્યમ વર્ગ અથવા તો નિમ્ન સ્તરના જૈનનાં સંતાનોએ ઉચ્ચ શિક્ષણ મેળવી વૈશ્વિકીકરણના ફળસ્વરૂપે ઊભા થઈ નોકરીની તકોને ઝડપી લઈ તેઓ ઘરને સુખી અને સાધનસંપન્ન કરી શકે છે અને તમામ પ્રકારનું સુખ મેળવી શકે છે.

જૈન સમાજ હવે ગામડાંમાંથી દૂર થઈ શહેરોમાં વિકસિત થઈ રહ્યો છે ત્યારે સ્વાભાવિક રીતે શહેરોમાં ખર્ચાઓ વધી જાય છે અને આવા ખર્ચાઓને પહોંચી વળવા માટે પણ સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવું ખૂબ જ જરૂરી બન્યું છે. મને કેટલાક જૈનો સવાલ કરે છે કે અમો અમારાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવા માગીએ છીએ, પરંતુ અમો કેવી રીતે અમારાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી શકીએ. અમારી આર્થિક સ્થિતિ નબળી છે અને અમારી પાસે આર્થિક શક્તિ નથી. આવા જૈનોને હું જણાવું છું કે, જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન ઈન્ડ ઍન્ડ ટ્રેડર્સ ઑર્ગનાઈઝેશન (જીતો) જેવી સંસ્થાઓનો સંપર્ક કરી આપણાં સંતાનોને આર્થિક સહાય લઈ ભણાવો, પરંતુ તે ખ્યાલ રાખવો કે આપણું સંતાન ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી લે અને કમાણી કરતો થાય એટલે પ્રથમ તેણે લીધેલ રકમ તે સંસ્થાને પરત આપે તેથી તે રકમ સર્ક્યુલેશનમાં આવી શકે. તમારું સંતાન સાવ ભણી શકે તેમ ન હતું ત્યાં આવી સંસ્થાને કારણે તમારું સંતાન ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શક્યું અને તમારું સંતાન સારી એવી કમાણી કરી શક્યું તેથી આવી રકમ તાત્કાલિક તમારે સંસ્થાને પરત આપવી જોઈએ અને જ્યાં સુધી આવી રકમ સંસ્થાને પરત ન કરો ત્યાં સુધી સંતાને લગ્ન પણ ન કરવા જોઈએ તેવું મા-બાપે વિચારવું જોઈએ. તો જ સંસ્થા ચાલી શકે અને તેનો લાભ બીજા જૈનો પણ લઈ શકે.

આજે જ્યાં વૈશ્વિકીકરણમાં રોજગારની અનેક તકો ઊભી થાય છે ત્યારે અને જ્યારે તેમાં સરકારી આરક્ષણ લાગુ પડતું નથી ત્યારે તમારા સંતાને તે તક ઝડપી લેવી

જોઈએ અને તેના માટે જરૂરી છે ઉચ્ચ શિક્ષણ-ઉચ્ચ અભ્યાસ. તમારું સંતાન ક્યા પ્રકારનો ઉચ્ચ અભ્યાસ કરી શકે તેમ છે તે અંગે તેમનો આઈક્યુ વગેરે તપાસી અથવા કાઉન્સેલિંગ કરાવડાવી તેનો નિર્ણય કરી ઉચ્ચ અભ્યાસ માટે પ્રયત્ન કરવા-કરાવવા જોઈએ.

આખરે તો વ્યક્તિઓનો બનેલો સમાજ છે. સંતાનો કઈકઈ લાઈનમાં ઉચ્ચ અભ્યાસ કરી શકે તેમ છે તે અંગે મેં આ અગાઉ અનેક લેખો લખેલ છે, તેમ છતાં કોઈ પણ વ્યક્તિના મનમાં કોઈ સવાલ હોય તો તેઓ મને મોબાઈલ નંબર ૯૪૨૬૯૧૮૬૧૯ પર મારો સંપર્ક કરી માહિતી મેળવી શકે છે. હું સહર્ષ તેઓને ચોક્કસ મદદ કરીશ અને મારાથી શક્ય તેટલી સારી ગાઈડલાઈન આપવાનો પ્રયત્ન કરીશ. જૈન અને જૈનનાં સંતાનોની જિંદગી સુખમય બને અને ફરી વખત જૈનો સમગ્ર વિશ્વમાં જયજયકાર બોલાવે અને જૈનમ જયતી શાસનમનો ડંકો વગાડે તેવી એકમાત્ર ઈચ્છા સાથે વીરમું છું.

---

## આરોગ્ય

# અનિદ્રાના ઉપચાર

દોડધામના આ યુગમાં ઊંઘ ન આવવી એ એક સામાન્ય ફરિયાદ થઈ પડી છે. યુવાનો અને વૃદ્ધોને આ સમસ્યા વધુ સતાવે છે. ધીરજપૂર્વક આ લેખ વાંચી, વિચારી, અમલમાં મૂકવાથી જરૂર લાભ થશે.

ઊંઘ એ શારીરિક પ્રક્રિયા છે. જે દરમિયાન શરીર, મગજ અને તેના તમામ અવયવોને પૂરો આરામ મળે છે. જે વ્યક્તિ સારી ઊંઘ લઈ શકે છે, તેની તંદુરસ્તી સારી રહે છે. સામાન્ય રીતે પુખ્ત વયની વ્યક્તિ માટે છથી સાત કલાકની ઊંઘ જરૂરી છે. બાળકોને વધારે સમયની ઊંઘ જરૂરી છે.

હવા, પાણી, ખોરાક જીવન માટે જેટલાં અગત્યનાં છે, તેમ ઊંઘ પણ દરેક માણસ માટે અનિવાર્ય છે. કુદરતની આ અમૂલ્ય બક્ષિસ વિના માણસનું સ્વાસ્થ્ય જળવાતું નથી. થાકેલા શરીરનું ટૉનિક એટલે ઊંઘ. શરીરને સ્ફૂર્તિલું જાળવી રાખવા ઊંઘ અનિવાર્ય ગણાય છે. પૂરતી ઊંઘથી શરીર આપોઆપ નવી તાજગી પ્રાપ્ત કરે છે.

અનિદ્રાનો રોગ ખૂબ જ અકળાવી મૂકે છે. જો ઊંઘ ન આવે તો બીજો આખો દિવસ બગડે. તાકાત ધીમી પડી જાય. પરિણામે માણસ બેચેન બની જાય. સુસ્તી લાગે અને હતાશ થઈ ડિપ્રેશનનો ભોગ બને છે. જો ઊંઘ સરખી ન આવી હોય તો માણસ થાકનો અનુભવ કરે છે. તેનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે. યાદશક્તિ ઓછી થઈ જાય છે.

અનિદ્રાનાં કારણો : આજકાલ રાત્રે મોડે સુધી ટી.વી. ચૅનલના પ્રોગ્રામ જોવા કે નિરર્થક ટોળ-ટપ્પા કરી ભટક્યા કરવાની આદતથી મોડું સૂવાથી સ્વાભાવિક નિદ્રા અલ્પ થઈ જાય છે અને આખરે અનિદ્રાના કાયમી રોગી બને છે. વધુ થાકના કારણે પણ ઊંઘ ઓછી આવે છે.

આયુર્વેદના મતાનુસાર વાયુદોષ તથા પિત્તદોષના પ્રકોપથી નિદ્રાનો નાશ થાય છે. બીમારીમાંથી બહાર આવેલી વ્યક્તિના શરીરમાં રસ-રક્ત-માંસ વગેરે ધાતુઓ ઓછી થવાથી વાયુપ્રકોપ પામતાં ઊંઘ ઓછી થઈ જાય છે.

ભય, ચિંતા, શોક જેવાં માનસિક દ્વંદ્વોથી મનોદ્વેગ અનુભવનાર વ્યક્તિની ઊંઘ ઓછી થઈ જાય છે. વિદ્યાર્થીઓને પરીક્ષાની ચિંતા, વડીલોને આવનાર કોઈ અવસર, પ્રસંગની ચિંતા, નોકરિયાતને બોસના કડક સ્વભાવ કે ઠપકાની ચિંતાથી વાયુ પ્રકોપે છે તેથી ઊંઘ નથી આવતી. કોઈકને પથારીમાં પડતામાં ઊંઘ નથી આવતી. મધ્યરાત્રિ પછી ઊંઘ આવે છે. હાઈ બી.પી., હૃદયરોગ, ડાયાબિટીસ જેવા શારીરિક રોગોમાં તથા ઉન્માદ, અપસ્માર, સ્ક્રિઝોફેનિયા જેવા માનસરોગીઓ અલ્પનિદ્રા કે અનિયમિત નિદ્રાથી પીડાય છે.

ઉપચાર : બેઠાડું જીવનનો ત્યાગ કરો, થોડો વ્યાયામ કરો, ચાલવાનું રાખો, યોગાસનો કરવા, શવાસન કરવાથી શરીર-મનનો થાક ઊતરે છે.

કૃશ એટલે પાતળા બાંધાના દર્દીઓને આહારમાં કેળાં, દહીં, દૂધ, અડદ, શેરડી, ખજૂર, ઘી જેવા પદાર્થો આપવા.

અનિદ્રાના દર્દીએ સવારે સ્નાન કરતાં અગાઉ બલાતેલ કે અન્ય યોગ્ય તેલથી શરીર પર માલિશ કરવાથી ફાયદો થાય છે. રાત્રે સૂતાં અગાઉ પગનાં તળિયાં પર ઘી, તેલ, દીવેલથી હળવેથી માલિશ કરવી. પગચંપી કરાવવી.

સૂતાં અગાઉ ભેંસના દોઢસો ગ્રામ દૂધમાં પાંચ ગ્રામ અશ્વગંધા ચૂર્ણ તથા બે ગ્રામ પીપરીમૂળ ચૂર્ણ મેળવી ઉકાળી ઠંડું પાડી સાકર મેળવી પી જવું.

સાદી બ્રાહ્મીવટીની બે ગોળી, સૂતશેખરરસ્ત બે ગોળી પાણી સાથે રાત્રે ગળી જવી. બ્લડપ્રેસર, માનસરોગના દર્દીઓને વિચારવાયુ ઓછો કરવા સર્પગંધા એક ગોળી, જટામાસી ચૂર્ણ બે ગ્રામ તથા બ્રાહ્મી ચૂર્ણ બે ગ્રામ બે વાર દૂધ સાથે લેવું. સૂવા જતાં પહેલાં મગજને તકલીફ પડે તેવું, શ્રમ પડે તેવું કામ કરવું નહીં. ખોટા વિચારો કે તુક્કાઓ લડાવવા નહીં અને હળવું, સંસ્કારી વાંચન અને મધુર સંગીત સાંભળવું.

# કમરના દુખાવાની શરૂઆતનું ચોક્કસ કારણ કોઈ આપી શક્યું નથી

■ **ડૉ. સોનલ મોતા** (મો.: ૯૯૩૦૦૯૯૧૧૦)

**WELLNESS**

**આપણા પરિવારમાં ઘણાબધા પ્રખ્યાત ડૉક્ટર્સ છે, જેમની પાસે અનુભવ અને જ્ઞાન છે. આપણા ૬૩૦૦૦ પારિવારિક સભ્યોની Wellness માટે તેમને આ પ્રકારના માહિતીપ્રદ લેખ મોકલવા 'જાગૃતિ સંદેશ' આમંત્રણ આપે છે. — *તંત્રી***

આગળના લેખમાં આપણે કમરના દુખાવાનાં જનરલ કારણો વિશે જાણ્યું. આ લેખમાં શરીરમાં કઈ જગ્યાએથી કેવી રીતે કમરનાં દુખાવાની શરૂઆત થાય છે એ વિશે જાણીશું.

સામાન્ય રીતે જોવા જઈએ તો આપણું શરીર એક આખું યુનિટ જેવું છે. એમાં બધા અવયવ, સ્નાયુઓ, લીગામેન્ટ, નવ મણકાઓ એકબીજાંની સાથે જોડાયેલાં છે. મનુષ્યના જન્મથી લઈને મરણ સુધી અવયવો નિરંતર પોતાનું કાર્ય કરતા રહે છે. કોઈ પણ કારણવશ ક્ષમતા કરતાં વધારે પ્રમાણમાં કામ કરવાથી, સતત પેઈનકીલર ગોળીઓ ખાવાથી, રોજ રાતના મોડેથી ભોજન કરવાથી, ટી.બી., કૅન્સર, મરડા, કબજિયાત, વધારે પ્રમાણમાં દારૂનું સેવન, ઍસિડિટીથી અવયવોની ક્ષમતા ઘટી જાય છે. તેવી જ રીતે વધારેપડતું વજન, ખોટી કસરતો, સૂવા-બેસવા-ચાલવાની ખોટી રીતોથી, અવયવોને રક્ત પહોંચાડતી વાહિનીમાં રક્તનો પુરવઠો ઓછો જવાથી લીગામેન્ટનું મણકા વચ્ચે દબાવાથી કમરનો દુખાવો શરૂ થાય છે.

કમરના દુખાવાની શરૂઆત કેવી રીતે થાય છે એનું ચોક્કસ કારણ હજી સુધી આપણું સાયન્સ નક્કી કરી શક્યું નથી. બધા સાયન્સ દુખાવાના કારણ અલગ અલગ આપે છે, પણ આપણે એમાં પડવાનું નથી. કોઈ પણ પથીને ઉતારી પાડવાથી આપણો કમરનો દુખાવો મટી જવાનો નથી.

આ લેખ સાથે હ્યુમન બોડીનું ચિત્ર છે. એમાં મેં રક્તવાહિની કઈ જગ્યાએ દબાય છે એનું આ ચિત્રમાં નંબર આપી કાળો ટપકો કરી નિશાન કરેલું છે. આ બધું જ્ઞાન કોઈ પુસ્તકનું નથી, આ તો હજારોય દર્દીઓને કમરના દુખાવાથી મુક્ત કરેલા મારા અનુભવનું તારણ



છે. મારા વ્યવસાયમાં રોજ જુદાજુદા પેશન્ટોને મસાજ આપી જે મણકો ખસી ગયો એને જગ્યા પર બેસાડવાનું હોય છે. આમાં બધા પેશન્ટોની દુખાવાની જગ્યા એક જ હોય છે. એમાં કોઈ પાંચ, કોઈ દસ, કોઈ પંદર-વીસ વરસ દુખાવાને સાથે લઈને ફરતો હોય છે. એમાં એવું નથી હોતું કે કોઈએ આ રોગની સારવાર ન કરાવી હોય. એમાં દાદીમાંના વૈદુથી લઈ શસ્ત્રક્રિયા સુધીની બધી સારવારો આવી જતી હોય છે. કોઈ પણ મનુષ્ય વધુમાં વધુ પાંચ છ મહિનામાં દુખાવાથી મુક્ત થઈ જતો હોય છે. પાછો એ ને એ જ ઘણાનો સ્વભાવ હોય છે. સમજોતા કરવાનું અને ઘણાનો નહીં. આમાં દુખાવા સાથે સમજોતા ન કરે એ મારા પેશન્ટ, હવે એમને દુખાવાથી મુક્ત કરવાના મારું કામ, મેં જે આ લખ્યું છે એ બધા પેશન્ટોને સારા કર્યાના અનુભવથી લખું છું. ચિત્ર મુજબ દુખાવાનાં ૧૭ કારણ મુખ્ય છે.

(૧) આ જગ્યા પીઠમાં આવેલી છે. તબીબી ભાષામાં એને થોરાયસીસ વ્રટ્રેબા T-2, T-3 કહેવામાં આવે છે. આ દુખાવો બેસવાની ખોટી રીતથી થાય છે. આ દુખાવો સતત ટેબલ વર્ક કરનારા, નીચું જોઈને કામ કરનારા દરજી, પરોણીગર, એકાઉન્ટન્ટ, એમ્બ્રોઈડરી વર્કર,

વિદ્યાર્થીઓને દુખાવાની શરૂઆત અહીંથી થાય છે.

(૨) આ જગ્યા થોરાયસીસનો છેલ્લો અને લમ્બરના પહેલા મણકાની બાજુમાં આવેલો છે. તમો પિકનિક કે ક્યાંક ફરવા ગયા હો. કોઈ દિવસ વજન ઊંચક્યું ન હોય. ઈમર્જન્સીમાં ઊંચકવું પડે ત્યારે આ જગ્યાની નસ દબાઈ જતી હોય છે ત્યારે આપણને ખબર પડતી નથી. ધીરે ધીરે એ એરિયામાં લોહીનું ભ્રમણ ઓછું થતું જાય છે.

(૩) પિંડીમાં આવેલું છે. વાયુના પ્રકોપને કારણે ડુંગર ઉપર તીર્થધામની યાત્રા કરવા ગયા હોઈએ. ઊતર્યા પછી ગોટલા ઉતારવાની માલીશ કરાવી ન હોય, એના લીધે ગોટલા બાઝી જવાથી, ત્યાંથી પસાર થતી રક્તવાહિનીઓ દબાઈ જવાથી, થોડા મહિના પછી કમરનો દુખાવો શરૂ થાય.

(૪) પગના પાછળના ભાગમાં ચાલતાં ચાલતાં પગ ખાડામાં પડીને ડિસલોકેટેડ થઈ ગયો હોય. સતત ઊભા રહેવાવાળા, મોટા શોરૂમના સેલ્સમૅનોને દુખાવાની શરૂઆત અહીંથી થાય છે.

(૫) સાથળની પાછળની બાજુએ વધારેપડતું વજન, સ્ત્રીઓને મેનોપોઝ પછી વજન વધી જવાથી, સતત બેઠાડું જીવનને લીધે ત્યાં નસ દબાઈ જતી હોય છે.

(૬) હીપમાં આવેલું છે. સ્ત્રીઓને મેનોપોઝ પછી હીપ વધી જવાથી, વધારેપડતું બેસવાથી, સતત પલાંઠી વાળવાથી, વધારે વજનથી અહીં નસ દબાઈ જતી હોય છે. એના લીધે કમરમાં દુખાવો થાય છે.

(૭) સાથળના જોઈન્ટ પર આવેલું છે. બેઠાડું જીવન, વધારેપડતું વજન, સતત પલાઠી મારવાથી, અનિયમિત માસિક, કસરતનો અભાવ, એના લીધે અહીં પગમાં જતી રક્તવાહિનીઓ દબાય છે. એના લીધે દુખાવો શરૂ થાય છે.

(૮) પગના એંકલનો આગળનો ભાગ, ઊંચી એડીના બૂટ, ચંપલ, કૅલ્શિયમની ઊણપ, પાછલી ઉંમરે કરેલા વજાસન, ફૂટપાથ પર ગમે તેમ ચાલવાથી, એડીના દુખાવાથી, પગ ડિસલોકેટેડ થઈ જવાથી દુખાવો શરૂ થાય છે.

(૯) પેડુના ઉપરના ભાગમાં આપણે બેસીએ છીએ ત્યાં એક સળ પડે છે. એ જગ્યાએથી વધુ વજન, અનિયમિત માસિક, એબોર્સન, સેક્સ્યુલ પ્રોબ્લેમ, યુરીનનો ભરાવો, સતત લોંગ ડ્રાઈવિંગ કરનારાઓને અહીંથી દુખાવાની શરૂઆત થાય છે.

(૧૦-૧૧) ઘૂંટણની આગળ-પાછળની બાજુએ ચરબીના થર જામી જવાથી ઘૂંટણ ઉપર સોજા, જાડા માણસોને પલાઠીવાળી બેસવાથી દુખાવાની શરૂઆત થાય છે.

(૧૨) સાથળમાં આવેલું છે. વધુપડતું વજન, મેનોપોઝ પછી જાતીયજીવનમાં નીરસતા, પગને આંટી મારીને બેસવાથી, રક્તવાહિનીઓ દબાય છે. એના લીધે કમરનો દુખાવો શરૂ થાય છે.

(૧૩) ગરદન પાછળના ભાગમાં બ્રેઈન એરિયાની બાજુમાં સ્પોન્ડીલાઈટીસ, ડિપ્રેશનસ, માનસિક સ્ટ્રેસ, ગુસ્સાવાળા સ્વભાવના લીધે દુખાવાની શરૂઆત થાય છે.

(૧૪) ગરદનના આગળના ભાગ, કોલર બોનની બાજુમાં, ખભા પર વધારેપડતા થેલા લઈને ફરનારા, થાઈરોઈડ, હાર્ટની તકલીફોને લીધે દુખાવાની શરૂઆત થાય છે.

(૧૫) ઘૂંટણ અને એંકલના વચ્ચેના ભાગમાં બહારની બાજુએ સતત પલાઠી મારીને બેસવાથી ઘૂંટણની બહારની બાજુએ નસ દબાય છે. તેમ જ પાછલી ઉંમરે નીચેના પગ પાતળા થઈ જવા, રક્તનું ભ્રમણ ઓછું થવાથી, ચાલીએ ત્યારે દુખાવો અહીંથી શરૂ થાય છે.

(૧૬-૧૭) પગનાં આંગળાં-તળિયાંમાં આવેલો છે. યુરિક ઍસિડ વધવાથી, તળિયામાં બળતરા થતી હોય, સોય ભોંકાતી હોય, ડાયાબિટીસ, ન્યુરોપથી એડીના દુખાવાઓને ઇંજેક્ષનથી દબાવી દીધેલો હોય એ લોકોને કમરના દુખાવાની શરૂઆત અહીંથી થાય છે.

નોંધ : મોટા ભાગના પેશન્ટોની પાસ્ટ હિસ્ટરી જાણવાથી પ્રૅક્ટિકલ અનુભવના આધારે કમરના દુખાવાનાં કારણોની શરૂઆત ક્યાંથી થાય છે એ લખ્યું છે.

## આવ રે મેહુલિયા

આવ રે મેહુલિયા, આવ રે મેહુલિયા આવ,
તારી જોઉં વાટલડી આવ.
મારે મેહુલિયે ભીંજાવું છે,
તારી જોડે મારે રમવું છે... આવ રે.
મોર બપૈયા બોલાવે તને,
ધરતી ખેડુ સાદ પાડે તને... આવ રે.
મોર મજાની કળા કરે છે, ઢેલ ઠુમક ઠુમક નાચે છે,
આવ રે મેહુલિયા આવ, તારી જોઉં વાટલડી આવ.

■ *નૂપુર ભાવેશભાઈ*

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | અલ્પા જયેશભાઈ દલાલ, ૨૫-૨-૧૯૮૫, ૫'-૨.૫''<br>S.Y.B.Com., – સર્વિસ (મંગળ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જેતપુર – મલાડ | (ઘર) ૨૮૬૫૪૭૫૬<br>(મો) ૯૯૨૦૧૭૧૨૦૧ |
| ૨) | ભાવિકા વિનયભાઈ શાહ, ૨૪-૧૨-૧૯૮૪, ૫'-૦''<br>Home Science, Interior Designer & Decoration, – ટ્યુશન | વીસા શ્રી. શ્વે. દેરા. જૈન<br>ખંભાત – કાંદિવલી (ઈસ્ટ) | (ઘર) ૨૮૦૭૦૨૪૫<br>(મો) ૯૮૨૧૩૮૨૦૨૯ |
| ૩) | ભૂમિકા સુધીરચંદ્ર શાહ, ૨૦-૧-૧૯૮૫, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી | (ઘર) ૨૬૭૭૬૨૭૫<br>(મો) ૯૮૨૦૧૨૫૧૯૯ |
| ૪) | દિપાલી બિપીનચંદ ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C. – એક્યુપ્રેસર ટ્રીટમેન્ટ આપે છે (હળવો મંગળ છે) | સુરત વી. ઓ. દેરા. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૮૨૦૪૯૪૩૫૦<br>૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૫) | દિશા ભરતકુમાર શાહ, ૫-૩-૧૯૮૪, ૫'-૧''<br>M.Com., – બિઝનેસ – બ્રાઈડલ મેંદી / મેકઅપ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૬) | ફોરમ શાંતિલાલ શાહ, ૧૧-૩-૧૯૮૦, ૫'-૧''<br>B.Com. 1st Class - International Education Counselor | ઘો. વી. શ્રી. મૂ. પૂ. જૈન<br>કોલિયાક – મુંબઈ | (ઘર) ૨૩૮૬૦૩૧૭<br>(ઑ) ૨૩૬૭૭૫૦૩ |
| ૭) | જિજ્ઞા કિશોરભાઈ ગાંધી, ૨૨-૧-૧૯૮૫, ૫'-૨''<br>M.Sc. (I.C.I.) Software Engineer – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સુરેન્દ્રનગર – સુરત | (ઘર) ૦૨૫૧-૨૨૩૭૫૫૫<br>(મો) ૦૯૮૨૫૨૧૭૪૪૪ |
| ૮) | હેતલ રાજેન્દ્ર ગાંધી, ૧૦-૧૧-૧૯૭૯, ૫'-૫''<br>B. Pharm & clinical Reasarch – સર્વિસ | દેરાવાસી જૈન<br>ધ્રાંગધ્રા – અંધેરી | (ઘર) ૨૬૮૨૪૭૯૫<br>(મો) ૯૩૨૩૨૬૮૨૮૪ |
| ૯) | મનીષા હિંમતલાલ શાહ, ૧૧-૧-૧૯૭૪, ૫'-૩''<br>૧૨મી (ઇંગ્લિશ મિડિયમ) – | દશા શ્રી. બેતાલીસ જૈન<br>માણસા – અમરાવતી | (મો) ૯૩૨૬૨૮૧૧૭૩<br>૯૪૦૪૮૫૭૩૦૫ |
| ૧૦) | ચૈતાલી હિંમતલાલ શાહ, ૬-૫-૧૯૭૮, ૫'-૪''<br>B.Com., L.L.B., – સર્વિસ | દશા શ્રી. બેતાલીસ જૈન<br>માણસા – અમરાવતી | (મો) ૯૩૨૬૨૮૧૧૭૩<br>૯૪૦૪૮૫૭૩૦૫ |
| ૧૧) | મેઘા રાજેન્દ્રકુમાર શાહ, ૭-૬-૧૯૮૪, ૫'-૨''<br>B.M.S., M.B.A., – Kotak Mahindra Bankમાં સર્વિસ | વીજા. વીસા ઓ. જૈન<br>વીજાપુર – સાંતાક્રુઝ (વે) | (ઘર) ૨૬૬૦૫૧૦૪<br>(મો) ૯૩૨૨૨૨૭૫૭૧ |
| ૧૨) | નેહા શરતચંદ્ર શાહ, ૨૦-૧૦-૧૯૭૪, ૫'-૭''<br>B.Com., Diploma in Computer – ટ્યુશન | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ – સુરત | (ઘર) ૦૨૬૧-૨૫૩૪૨૯૫<br>(મો) ૦૯૦૯૯૭૧૭૩૫૦ |
| ૧૩) | પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪''<br>B.Com., M.B.A., INIFD Pre for USA – (ઘર-૨૪૯૮૫૭૮૭) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – વરલી (મુંબઈ) | (ઑ) ૨૪૯૮૫૭૮૭<br>(મો) ૯૮૯૨૯૬૬૭૭૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૪) | રુચિતા હરેનભાઈ ઝવેરી, ૧૫-૭-૧૯૮૬, ૫'-૫''<br>Graduate in Commerce, DTP, Computer – સર્વિસ (મંગળ છે) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>હાલ સુરત | (ઘર) ૦૨૬૧-૨૪૧૦૧૦૧<br>(મો) ૯૮૨૫૭૯૩૩૩૦ |
| ૧૫) | સેજલ દિનેશભાઈ વોરા, ૨૬-૬-૧૯૮૬, ૫'-૪''<br>B.C.A., – (મંગળ છે) | શ્વે. વીસા શ્રી. દેરા. જૈન<br>હાલ જેતપુર | (મો) ૯૯૨૫૭૪૩૯૪૭<br>૯૯૭૯૫૫૪૯૫૩ |
| ૧૬) | ઉન્નતિ શરદભાઈ શેઠ, ૩-૮-૧૯૮૩, ૪'-૧૧''<br>એમ.સી.એ., – બિઝનેસ | તપગચ્છ શ્વે. દેરા. જૈન<br>માંગરોળ – ઘાટકોપર | (ઘર) ૨૫૧૧૪૩૪૫<br>— |
| ૧૭) | નિક્તિા હરીશભાઈ દોશી, ૨૪-૯-૧૯૮૨, ૫'-૨''<br>Graphic Design., Dip. Fashion Design. Dip. in Home Sci. – | ઘોઘારી વીસા શ્રી. જૈન<br>હાલ ચેંબુર | (ઘર) ૨૫૨૨૯૫૧૦<br>(ઑ) ૬૬૩૧૧૧૧૯ |
| ૧૧) | દીપ્તિ ભુપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨''<br>B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪<br>(મો) ૯૬૧૯૭૦૭૪૯૪ |
| ૧૩) | સોનલ અશોકભાઈ મહેતા (૧૨-૫-૧૯૭૭), ૫'-૨''<br>B.Com., – કૉમ્પ્યુટર ઑપરેટિંગ-ગ્રાફિક્સ-એકાઉન્ટિંગ (ટેલી ૫.૪) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ભુંભલી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૨૨૦<br>(મો) ૯૮૯૨૦૦૨૬૬૦ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૧) | આશિષ ભૂપેન્દ્રભાઈ શાહ, ૧૪-૨-૧૯૭૮, ૫'-૯''<br>B.Com., – બિઝનેસ (મો.: ૯૮૧૯૭૭૭૭૪૭) | ઝાલાવાડી દેરાવાસી જૈન<br>ધ્રાંગધ્રા – અંધેરી | (ઘર) ૬૫૨૧૮૭૭૪<br>(ઑ) ૬૫૨૧૮૭૭૬ |
| ૨) | ભૌતિક જિતેન્દ્રકુમાર નાવડિયા, ૨૬-૪-૧૯૮૧, ૫'-૩''<br>S.Y.B.Com., – બિઝનેસ | નવગામ ભાવસાર<br>ભાવનગર – સાંતાક્રુઝ | (ઘર) ૨૬૦૪૮૭૨૦<br>(મો) ૯૮૧૯૦૦૮૦૪૬ |
| ૩) | હિમાન્શુ નવીનચંદ્ર શાહ, ૫-૬-૧૯૭૩, ૫'-૬''<br>S.Y.J.C., – સર્વિસ (મંગળ છે) | દેરાવાસી જૈન<br>વડનગર – વિલે પાર્લે | (મો) ૯૮૩૩૩૯૫૬૦૪<br>— |
| ૪) | કૌશલ વિનોદભાઈ શાહ, ૧૮-૧૦-૧૯૮૧, ૫'-૬''<br>F.Y.J.C. – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે, મંગળ છે) | વીસા ઓસ. દેરા. જૈન<br>પ્રભાસપાટણ – બોરીવલી | (ઘર) ૨૮૦૫૯૯૧૦<br>(મો) ૯૮૯૨૦૧૬૩૬૭ |
| ૫) | મોહિલ સુરેશભાઈ સંઘવી, ૧૪-૯-૧૯૮૫, ૫'-૧૧''<br>M.B.A. (PGDBM) NMIMS Distance Learning – બિઝનેસ | હાલાર વી. શ્રી. સ્થા. જૈન<br>હાલ કાંદિવલી | (મો) ૯૭૭૩૨૧૦૪૩૨<br>૯૮૭૦૭૦૭૨૩૭ |
| ૬) | મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>રાવલસર – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩<br>— |
| ૭) | મેહુલ પ્રવીણભાઈ ખાખરા, ૧૬-૬-૧૯૭૫, ૫'-૮''<br>B.Com., – સર્વિસ અને ધંધો (છૂટાછેડા લીધેલ છે) | સોરઠ વીસા શ્રી. દેરા. જૈન<br>પોરબંદર – મુલુંડ | (ઘર) ૨૫૬૩૬૩૫૬<br>(મો) ૯૩૨૦૭૪૧૮૦૦ |
| ૮) | નિતેષ જયંતીલાલ બગડિયા, ૨૭-૧૧-૧૯૮૯, ૫'-૫''<br>10th – | દેરાવાસી જૈન<br>વિંછિયા | (ઘર) ૦૨૮૨૧-૨૭૩૩૫૧<br>(મો) ૯૪૦૮૦૪૯૦૮૧ |
| ૯) | નિશિત રાજેશ શાહ, ૭-૧-૧૯૮૫, ૫'-૬''<br>MBA, M.Com., BMS, – સર્વિસ (Alanyst Morgan Stanley) | રૂવાઈ પોરવાડ દેરા. જૈન<br>નેત્રંગ (ભરૂચ) - બોરીવલી | (ઘર) ૨૮૦૮૪૧૩૩<br>(મો) ૯૮૨૦૦૭૦૨૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૪) | નિશિત ચેતનભાઈ શાહ, ૧૪-૮-૧૯૮૬, ૫'-૬''<br>B.E. Chem., P.G.D.B.M. – સર્વિસ | રોહિડા વીસા પો. દેરા. જૈન<br>નવસારી – બોરીવલી | (મો) ૯૮૨૧૪૮૩૪૨૯<br>— |
| ૧૫) | નિકુંજ હેમેન્દ્રભાઈ શાહ, ૧૩-૩-૧૯૮૫, ૫'-૮''<br>MBA, – બિઝનેસ (મંગળ છે) | વીસા ઓસ. દેરાવાસી જૈન<br>પ્રભાસપાટણ-બોરીવલી | (ઘર) ૨૮૬૨૨૭૧૨<br>(મો) ૯૩૨૩૮૧૦૩૪૩ |
| ૧૬) | ઓજસ શાંતિલાલ શાહ, ૩-૨-૧૯૭૯, ૫'-૫''<br>B.Com. 1st Class – બિઝનેસ | ઘો. વીસા શ્રી. મૂ. પૂ. જૈન<br>કોલિયાક – કૅમ્પ્સ કોર્નર | (ઘર) ૨૩૮૬૦૩૧૭<br>— |
| ૧૭) | પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪''<br>C.A., – સર્વિસ (ત્રણ વખત સગપણ તૂટેલ છે) (શનિ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>તરઘરી દેવરિયા-અંધેરી | (ઘર) ૨૬૮૩૯૯૮૧<br>(ઑ) ૨૮૨૧૪૬૬૯ |
| ૧૮) | સોહિલ ભરતકુમાર શાહ, ૩૦-૯-૧૯૮૨, ૫'-૧૦''<br>B.E. (Electronics & Telecomunication) – બિઝનેસ | કાંઠા સત્તા. વીસા શ્રી. જૈન<br>આગલોડ – અંધેરી | (ઘર) ૨૮૩૭૦૯૧૩<br>(મો) ૯૮૬૭૨૮૩૭૦૯ |
| ૧૯) | સમકિત સુરેશભાઈ તલાજિયા, ૨૦-૨-૧૯૮૫, ૫'-૬''<br>Bachelor in Management, Pursuing for M.B.A., – સર્વિસ | ભાવસાર-દેરાવાસી જૈન<br>વરતેજ – મુંબઈ | (ઘર) ૨૨૨૨૦૫૩૯૪૩<br>(મો) ૯૮૧૯૮૮૩૬૯૦ |
| ૨૦) | સંકેત અજિતભાઈ શાહ, ૮-૧-૧૯૮૪, ૫'-૫''<br>B.E. (IT) Dip. in International Business, – સર્વિસ (મંગળ છે) | વી. શ્રી. શ્વે. મૂ. પૂ. દે. જૈન<br>રાધનપુર – કાંદિવલી | (મો) ૮૦૮૦૭૪૬૮૬૮<br>૯૩૨૧૨૪૪૪૫૫ |
| ૨૧) | શ્રેયાસ મનહરલાલ દોશી, ૫-૧૨-૧૯૮૧, ૫'-૧૦''<br>S.S.C., – બિઝનેસ (મો.: ૯૩૨૩૧૮૭૫૩૩) | —<br>રાણપુર – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૫૩૪૦<br>(ઑ) ૪૦૨૨૦૦૫૦ |
| ૨૨) | તેજસ સુરેશભાઈ શાહ, ૧૫-૧૧-૧૯૮૨, ૫'-૧૧''<br>B.E., M.E., PGDBM – બિઝનેસ | નવસારી વિભાગ વીસા પો.<br>નવસારી – અંધેરી | (ઘર) ૨૬૮૩૨૯૪૪<br>(ઑ) ૨૬૭૧૧૩૧૨ |
| ૨૩) | ઉત્કર્ષ સુબોધભાઈ શાહ, ૬-૪-૧૯૮૪, ૫'-૩''<br>S.S.C., – સર્વિસ | જૈન<br>અમદાવાદ – અંધેરી | (મો) ૯૩૨૦૯૦૬૧૬૭<br>— |
| ૨૪) | વિશાલ બિપીનચંદ્ર ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬''<br>S.S.C., – ડાયમંડ એસોર્ટર-શૅરબજાર (હળવો મંગળ છે) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |
| ૨૫) | વિશાલ ચંદ્રકાન્તભાઈ શાહ, ૭-૯-૧૯૮૫, ૫'-૬''<br>S.Y.J.C., – સર્વિસ (શનિ છે) | જૈન<br>પાટણ – મુંબઈ | (મો) ૯૦૨૨૧૯૮૮૬૩<br>— |
| ૨૬) | વિશાલ કિશોરચંદ્ર કામદાર, ૨૦-૪-૧૯૮૫, ૫'-૮''<br>B.E., (Electronics Engineer) – સર્વિસ (મોઃ ૯૮૧૯૫૫૫૧૭૦૭) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગઢડા સ્વામીના – મુલુંડ | (ઘર) ૨૫૬૪૬૬૭૨<br>(મો) ૯૮૨૦૫૧૨૭૭૧ |
| ૨૭) | રાજન કિરીટકુમાર મહેતા ૭-૪-૧૯૮૫ ૫'-૧૦''<br>H.S.C., – પ્રિન્ટિંગનો બિઝનેસ (મંગળ છે) સગપણ મૂકેલ છે | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |
| ૨૮) | મિતુલ ભુપતરાય ઠોસાણી ૧૬-૧-૧૯૭૯ ૫'-૮''<br>B.E. Mechanical – સર્વિસ (શનિ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૮૨૭<br>(મો) ૯૮૧૯૭૦૭૪૯૪ |
| ૨૯) | પ્રતીક પંકજભાઈ શાહ, ૫-૧૨-૧૯૮૫, ૫'-૧૦''<br>B.Tech. (E.C.) M.C.S., – સર્વિસ (Software Engr.) | દશા શ્રીમાળી શ્વે. જૈન<br>બુહારી – સુરત | (ઘર) ૦૨૬૧-૨૭૮૩૦૨૧<br>(મો) ૦૯૪૨૬૧૪૧૬૬૫ |

# EDUCATION DONATION LIST- 2011

## JJC - AMRUTNAGAR

| | |
|---|---|
| Navneet J. Zatakia | 11000 |
| Ramesh N. Mehta | 11000 |
| Matushree Shantiben Lalji Khetsi Shah | 5000 |
| Lakhamsi K. Gala | 5000 |
| Nirmalaben J. Vora | 5000 |
| Wellwisher | 5000 |
| Wellwisher | 5000 |
| Ramaniklal Harilal Shah | 3000 |
| Ashok M. Mehtalia | 3000 |
| Ramesh M. Mehtalia | 2000 |
| Vimalkant G. Shah | 2000 |
| Ajay K. Mehta | 2000 |
| Jayesh C. Sheth | 2000 |
| Parind K. Mehta | 2000 |
| Bhupesh R. Trivedi | 1500 |
| Gunvantrai V. Parekh | 1100 |
| Dhiren C. Kothari | 1000 |
| Shivji K. Gala | 1000 |
| Ambica Trading Co. | 1000 |
| Rajesh M. Shah | 1000 |
| Ankit R. Mehta | 1000 |
| Chunilal M. Gada | 1000 |
| Kirti H Gada | 1000 |
| Anil S. Bavisi | 1000 |
| Ramesh Ratilal Shah | 1000 |
| Shailesh F. Shah | 1000 |
| Mona Plastics (Himanshu) | 1000 |
| Vipul D. Mehta | 11000 |
| Mahesh Bhawanji Maru | 11000 |
| Western Metaflux Pvt Ltd. | 11000 |
| Jini Nimi Design Studio Pvt. Ltd. | 11000 |
| Vinodbhai Gada | 9000 |
| Perochem Carries | 8000 |
| Shanti Ply-n-wood (Shantilal M. Gala) | 7500 |
| Keshar (Damji Bhimsi Shah) | 7500 |
| Magic Mirror (Mehulbhai Mewawala) | 5000 |
| Mahavir Arts (Ashwin M. Parekh) | 5000 |
| Arihant Enterprises (Virendra H. Mehta) | 5000 |
| VRG Arihant Plast Pvt Ltd. (Viral R. Gandhi) | 5001 |
| Universal Engineering Corporation (Mahesh Vaishnav) | 5000 |
| Ipcon Associates | 5000 |
| Matushree Pushpaben Bhupatlal Bavisi (Yogeshbhai Bavisi) | 3000 |
| Piyush Navinchandra Mody | 3000 |
| Jolly Printers (Mehul B. Vora) | 3000 |
| Shree Gajanan Transport Services (Abhay Shah ) | 2500 |
| Mehta Mohanlal V. | 2500 |
| Kaushal B. Hemani | 2500 |
| Mepsi K. Chheda | 2500 |
| Bharat Vasantlal Shah | 2500 |
| Nut Bolt Centre (Rajesh Thakker) | 2000 |
| Vishal H. Shah & Assoicates | 1500 |
| Shailesh Ratilal Vora | 1500 |
| Super Cast Trading Co. (Chandrakant Nagria) | 1501 |
| D. D. Jhatakia | 1500 |
| Shah Manubhai Amrutlal | 1500 |
| Dilip Mulji Savai | 1001 |
| Khorshed K. Kotwal | 1000 |
| Biren S. Desai | 40000 |
| Bombay Packing Service (Anil G. Doshi) | 5000 |
| Packing House (Hiren Anilkumar Doshi) | 21000 |
| Bhalani Biomedicals Pvt Ltd (Shashikant Bhalani) | 2500 |
| Neo Furnishing | 2500 |
| Doshi Textile | 2500 |
| Shree Adinath Construction Equipment (Joballa K. M.) | 2502 |
| Kunal Narendra Bhanshali | 2000 |
| Indira Maheshkumar Shah | 1500 |
| Ballroll Corporation (Kiran S. Shah) | 11000 |
| Luna Traders (Arvind C. Shah) | 5500 |
| Vansh Corporation (Pravin C. Desai) | 2000 |
| Lalji A. Shah | 1000 |
| Vijay Mansukhlal Goda | 1501 |
| Chandrika Kishor Gosalia | 2500 |
| Mitesh Rajesh Shah | 1000 |
| Chhotalal Ratanji Shah | 1000 |
| Madhukanta Chhotalal Shah | 1000 |
| Jatin Chhotalal Shah | 1000 |
| Sachindra Chhotalal Shah | 1000 |
| Arti Anil Mehta | 1001 |
| Tejas Ashok Shah | 1000 |
| Satish Trading Co. (S. S. Shah) | 11000 |

| | |
|---|---|
| Hirachand Keshavji Vasani Charitable Trust | 3000 |
| Mehul Shahshikant Shah | 1000 |
| Charudatt Amratlal Shah | 1000 |
| Abhay Corporation | 2101 |
| Rakesh Mansukhlal Shah | 5000 |
| Gandhi Earthmovers (Mukesh Gandhi) | 2500 |
| Ashish C. Shah | 2500 |
| Bharat P. Maniar | 2000 |
| Umesh B. Nagda | 1000 |
| Upendra C. Shah | 2000 |
| Mahendra U. Khandhar | 1000 |
| Arvind K. Sanghvi | 1000 |
| Mulchand K. Sanghvi | 1100 |
| Mayaben B. Shah | 1500 |
| Jignesh J. Shah | 2000 |
| Virchand J. Chheda | 2000 |
| Sukhalal C. Doshi | 1000 |
| Suresh R. Sheth | 2000 |

| | |
|---|---|
| Nilesh S. Doshi | 2000 |
| Bipin A. Mehta | 1000 |
| Vishal R. Mody | 15000 |

**JJC - BEACHSIDE**

| | |
|---|---|
| Ramila D. Dedhia | 5000 |
| J.K. International Traders | 1111 |
| Sudhir Natwarlal Ghia | 25101 |
| Goldmine Project Consultants Pvt.Ltd | 2000 |
| Vipul Rasiklal Shah | 1100 |
| Hitesh Amulakhbhai Shah | 11000 |
| Vin Mart Hardware Pvt Ltd (Harish Savla) | 500 |
| Deepak Maganlal Damani (HUF) Deepak Damani | 1000 |
| Dr. S.R. Kakkad | 5000 |
| Viresh Pravin Shah | 5000 |
| Vimal Vora | 2500 |
| Kamini Jayesh Shah | 25000 |
| Akshit Diamonds | 25000 |
| Dharam Impex | 25000 |
| Shine Star | 25000 |
| Marsh Gems | 25000 |
| Kalash Enterprises | 25000 |
| Arihant Exports | 1000 |
| Jitendra Bheda | 1100 |
| Mukesh Shah | 1000 |
| Nilesh Chawla | 1500 |
| Nimesh Shah | 5000 |
| Deepak Hemani | 2500 |
| Mukesh Vora | 5000 |
| Mona Doshi | 5000 |
| Ketan Doshi | 1120 |
| Dhrv Doshi | 1000 |
| Shailesh Mehta | 1000 |
| Dinesh Sanghvi | 1000 |
| Jay Jariwala | 5000 |
| Vikas Shah | 500 |
| U. N. Shah | 1000 |
| Manish Jhaveri | 1000 |
| Biren Gandhi | 5000 |
| Kishor Galaiya | 2000 |
| JAVAHAR V. SHAH ( MANIAR IMPEX ) | 51000 |
| HARESH R. GUDHKA | 5555 |
| HASMUKH VISARIA | 5000 |
| PRASHANT GALA | 5000 |
| DHARMESH SHAH | 5000 |
| VIRAL SHAH | 5000 |
| KIRIT UDANI | 3000 |
| HARSHAD TEXTILE | 3000 |
| DEVANG JUTHANI | 2501 |
| R. V. SHAH | 2501 |
| RAJESH DULH | 2501 |
| ASHVIN NANECHANIC | 2501 |
| SHREYAS SHAH | 2501 |
| MAHENDRA MEHTA | 2500 |
| KIRITBHAI CHITALIA | 2500 |
| HASMUKHBHAI SHETH | 2100 |
| DHAVAL SHAH | 2000 |
| F. G. JAIN | 2000 |
| SURENDRA MEHTA | 2000 |
| HARESH MEHTA | 2000 |
| JB - 89 | 2000 |
| JIGAR DOSHI | 2000 |
| PARESH DOSHI | 2000 |
| PAREKH | 1500 |
| PRAKASH CHHEDA | 1500 |
| PANKAJ DEDHIA | 1500 |
| BEENA DOSHI | 1500 |
| CHETAN TIMBADIA | 1500 |
| DEEPAK SANGHVI | 1100 |
| DEVENDRA SHAH | 1000 |
| R. V. SHAH | 1000 |
| DINESH DOSHI | 1000 |
| SHANTILAL M. CHHEDA | 1000 |
| SUDHIR SHAH | 1000 |
| ATUL PARMAR | 1000 |
| ROHIT SHAH | 1000 |
| BHAVESH SHAH | 1000 |
| ASIT DESAI | 1000 |
| TUSHAR SHAH | 1000 |
| NARENDRA VORA | 1000 |
| NARENDRA DOSHI | 1000 |
| BIPINCHANDRA SHAH | 1000 |
| ANIL SHRIMANKAR | 1000 |
| BHAVANA P RAMBHIYA | 1000 |
| JAYANT PANDYA | 1000 |
| HARSHAD SEMCHALA | 1000 |
| MOHAN JAIN | 1000 |
| MANU MEHTA | 1000 |
| SURESH DOSHI | 1000 |
| PALLNI P PAREKH | 1000 |
| MAHENDRA BHAWANT | 1000 |
| ASHIT VASA | 1000 |
| MAHESH SHAH | 1000 |
| ALPA BHAVSAR | 1000 |
| 91 17/05/11 | 1000 |
| KISHOR RATHOD | 500 |
| MB - 33 | 500 |
| MAHENDRA JAIN | 500 |
| BHAGWATI KACHHANR | 500 |
| PRITAL SHAH | 500 |
| VINOD SHAH | 11000 |
| TURAKHIA OPTICIANS | 11000 |
| MUKESH SHAH | 10000 |
| NIMISH A. KHAKHAR | 5000 |
| JAYESH SHAH | 5500 |
| VANDANA K. SANGHAVI | 5500 |
| KIRIT T. SANGHAVI | 3000 |
| TUSHAR D. UDANI | 2000 |
| PANKAJ GOPANI | 2000 |
| KETAN P . SHAH | 2000 |
| PARESH S. SHAH | 2000 |
| SURESH H. METHA | 1500 |
| VARSHA SHAH | 1500 |
| NAVIN L. CHHEDA | 1000 |
| BHARAT J. KAPADIA | 1000 |
| BHAVINBHAI K. SHAH | 1000 |
| MAYURI K. SHAH | 1000 |
| VIREN VASA | 1000 |
| KETAN MODI | 5000 |
| SATISH SHAH | |